dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 44 । AD - 2026, Kartak Sud -08 । Tuesday, Dt. 17-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00



બીજી વાર્ષિક પુણ્યતિથિએ સહૃદય શ્રદ્ધાંજલી

આંખની કીકીઓ દરેક પળે તારૂ પ્રતિબીંબ ઝીલે છે.
તુ સદેહ અમારી વચ્ચે નથી પરંતુ તારૂ સાનિધ્ય અમારૂ
રોમે રોમ મહેસુસ કરે છે. તારી ઉપસ્થિતીનો ભાસ
અમે પળેપળ અનુભવીએ છીએ.
પ્રભુ તારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.....

સ્વ.પાવન કિશોરભાઈ પટેલ (ભાયાણી) સ્વ.તા.૧૭-૧૧-૨૦૨૪

લી.


ભરતભાઈ દેવચંદભાઈ ભાયાણી
નિતિન ભરતભાઈ ભાયાણી
લક્ષ્ય મહેશભાઈ ભાયાણી

કિશોરભાઈ દેવચંદભાઈ પટેલ (ભાયાણી)
અરવિંદાબેન કિશોરભાઈ પટેલ
ખુશ્બુ પિયુષકુમાર ગોંડલીયા

ભગવાનભાઈ કેશવભાઈ ભાયાણી
મહેશભાઈ ભગવાનભાઈ ભાયાણી
કિરીટભાઈ ભગવાનભાઈ ભાયાણી

ભાયાણી પરિવાર
સર્જન કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ પરિવાર - રાજુલા

ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



મા, આપ આજે અમારી વચ્ચે નથી, પરંતુ આપનો પ્રેમ,
હૂંફ, સંસ્કાર અને આશીર્વાદ હંમેશાં અમારી સાથે છે.
આપની મમતા અને નિઃસ્વાર્થ ત્યાગ જીવનભર અમને
પ્રેરણા આપતા રહેશે. આપની ખોટ ક્યારેય પૂરી શકાય
તેમ નથી. દરેક ક્ષણે આપની યાદ હૃદયમાં જીવંત છે.
ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને અમને
આપના બતાવેલા માર્ગે ચાલવાની શક્તિ આપે.
વ્હાલી મા, આપ સદાય અમારા હૃદયમાં અમર રહેશો...

સ્વ. સમજુબેન બાબુભાઈ ચોવટીયા

તા.૧૭-૧૧-૨૦૨૩, શુક્રવાર, (ગામ: અમરેલી)

લી.

મુકેશકુમાર બાબુભાઈ ચોવટીયા
સંજયકુમાર બાબુભાઈ ચોવટીયા
મુકેશકુમાર અમૃતલાલ કોટડીયા

સોનલબેન મુકેશકુમાર ચોવટીયા
રીનાબેન સંજયકુમાર ચોવટીયા
મનિષાબેન મુકેશકુમાર કોટડીયા

સલોની, ચાર્મી, દેવર્ષી,
વર્ષિલ, વેદાંતિ,
યશ્વી, માહિર

ચોવટીયા પરિવારના જય સ્વામિનારાયણ

સ્વસ્તિક એજન્સી - પટેલ બ્રધર્સ - ડોલ્ફીન ગ્રૂપ સુરત

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૧૭-૧૧-૨૦૨૬

અમરેલી જિલ્લામાં જલારામ બાપાની જન્મજયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં સેવાભાવ, ભક્તિ અને માનવતાના પ્રતીક એવા સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની વિવિધ સ્થળોએ ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ચલાલા, બગસરા અને સાવરકુંડલા ખાતે ધાર્મિક કાર્યક્રમો, પૂજા-અર્ચના, અન્નકૂટ દર્શન, શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતના આયોજનો કરવામાં આવ્યાં હતાં. સમગ્ર વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.ચલાલા સ્થિત ત્રિવેણી સંગમ માનવ મંદિરમાં જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે વિશેષ પૂજા-અર્ચના સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બાપાનાં દર્શન માટે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે મંદિર ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાવિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ ભક્તિમય માહોલમાં સંપન્ન થયો હતો.બગસરામાં લોહાણા પરિવારો દ્વારા પણ જલારામ બાપાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સવારે બાપાની પૂજા કરવામાં આવી હતી અને અન્નકૂટનાં દર્શન ભાવિકો માટે ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં. બપોરે સાધુ-સંતો તેમજ સમગ્ર જ્ઞાતિ માટે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત




શોભાયાત્રા, રાત્રિ આરતી અને સમગ્ર જ્ઞાતિ માટે ભોજનપ્રસાદ સહિતના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનો માટે વિશેષ ભોજનપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજુલામાં પણ જલારામબાપાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સાવરકુંડલામાં જલારામ સત્સંગ મંડળ, લોહાણા મહાજન ટ્રસ્ટ તથા સંલગ્ન સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી સાથે કાર્યક્રમોનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ સવારે ૭ વાગ્યે પૂજન-અર્ચન અને ૮ વાગ્યે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. સવારે ૯ વાગ્યે જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ઢોલ-નગારાના નાદ અને જય જલારામના ગગનભેદી નાદ સાથે શોભાયાત્રા નગરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી. તેમાં મોટી સંખ્યામાં ભાવિકો અને રઘુવંશી સમાજના પરિવારો જોડાયા હતા. ઠેર-ઠેર શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨:૨૦ કલાકે રાજભોગ આરતી અને ૧ વાગ્યે સંત ભોજનનું આયોજન કરાયું હતું. સાંજે પથી ૮ દરમિયાન ભાવિકોએ અન્નકૂટનાં દર્શનનો લાભ લીધો હતો. સાંજે ૬:૩૦ કલાકે સંધ્યા આરતી અને રાત્રે ૧૦ વાગ્યે સંતવાણીનો કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર ઉજવણી દરમિયાન સમાજમાં એકતા, ભાઈચારો, સમરસતા અને સેવાભાવનો સંદેશ પ્રસર્યો હતો. આયોજકો, દાતાઓ, યુવાનો અને સેવાભાવી કાર્યકરોના સહયોગથી જન્મજયંતિ મહોત્સવ ઉજવાયો હતો

સાવરકુંડલા-મહુવા બાયપાસ રોડ પર LPG ભરેલું ટેન્કર પલટી ગયું

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલા-મહુવા બાયપાસ રોડ પર LPG ગેસથી ભરેલું ટેન્કર પલટી જતાં વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, ટેન્કરનો ચાલક વાહન પરનો કાબૂ ગુમાવી બેઠો હતો. જેના કારણે ટેન્કર રસ્તા પર પલટી ગયું હતું. ગેસ ભરેલા ટેન્કરને અકસ્માત નડતાં આસપાસના લોકોમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. LPG ગેસ જ્વલનશીલ હોવાથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે અંગે લોકોમાં આશંકા ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થળ પર જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની અને બચાવ કામગીરી હાથ



ધરવાની જરૂરિયાત ઊભી થઈ હતી. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને સંબંધિત તંત્ર દ્વારા પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે જરૂરી પગલાં લેવામાં આવે તેવી સ્થિતિ સર્જાઈ હતી.

જોકે, અકસ્માતમાં કોઈ જાનહાનિ કે અન્ય નુકસાન થયું હોવાની વિગતો પ્રાથમિક માહિતીમાં સામે આવી નથી. ઘટનાને પગલે બાયપાસ માર્ગ પર ભયનો માહોલ છવાયો હતો.

લીલીયાના સલડી ગામમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરાયું

લીલીયા,તા.૧૬

સલડી ગામે તા. ૧૫ નવેમ્બર, રવિવારના રોજ સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. ધર્મધુરંધર ૧૦૦૮ સનાતન વિદ્યમાન આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ અને સમગ્ર ધર્મકુળ



પરિવારના આશીર્વાદથી યોજાયેલી આ સભામાં ગઢપુરધામથી કોઠારી શાસ્ત્રી સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, છપ્પૈયા સ્વામી તથા પાર્ષદ શરદભગત અને કીર્તિભગત ખાસ પધાર્યા હતા. સંતોએ ધાર્મિક કથાનું રસપાન કરાવી ભક્તજનોને સત્સંગનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

રોહિસા અને જાળીયામાંથી દેશી દારૂ સાથે બે શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં દારૂની બદીને ડામવા પોલીસે બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી દેશી દારૂ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. ગત તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૬ ના રોજ જાફરાબાદ મરીન પોલીસે રોહિસા ગામે જૂની ગરબી ચોક પાસેથી ગોપાલભાઈ ભાયાભાઈ કોટડીયાને એક લિટર દેશી દારૂ (કિંમત રૂ. ૨૦૦) સાથે ઝડપી લીધો હતો.

બીજા બનાવમાં અમરેલી રૂરલ પોલીસે જાળીયા ગામે દરોડો પાડી હાઈસ્કૂલ સામે રહેતા શાયરભાઈ રમેશભાઈ વાઘેલાને છ લિટર દેશી દારૂ (કિંમત રૂ. ૧૧૨૦) સાથે પકડી પાડ્યો હતો. બંને પોલીસ સ્ટેશનોમાં આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

પોલીસે અલગ-અલગ દરોડા પાડી કુલ ૭ લિટર દેશી દારૂ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના નોંધ્યા

ધારીના દુધાળા ગામ પાસે કારની ટક્કરથી પુરુષનું મોત

ધારી,તા.૧૬

ધારીના દુધાળા ગામ પાસે ફોર-વ્હીલની ટક્કરથી પુરુષનું મોત થયું હતું. બનાવ અંગે ગીર સોમનાથના ટીંબરવા ગામના ધર્મેશભાઈ રામજીભાઈ બારૈયા (ઉ.વ.૧૯)એ અજાણ્યા ફોર-વ્હીલ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ મૃતક પોતાની મોટરસાયકલ લઈને ધારી ખાતેથી દુકાનનો સામાન લેવા જતા હતા, ત્યારે દુધાળા ગામ પાસે આવેલી મધુવન હોટલ નજીક પહોંચતા સામેથી આવતા ફોર-વ્હીલ ચાલકે ટક્કર મારી હતી. ગંભીર ઈજા થવાથી તેમનું મોત થયું હતું. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

વડીયાના અમરાપુર ગામે પુત્ર સાથેની માથાકૂટમાં ખેડૂત પિતા પર હુમલો

વડીયા,તા.૧૬


વડીયા તાલુકાના અમરાપુર ગામે રહેતા અને ખેતીકામ કરતા ૫૪ વર્ષીય સેલારભાઈ હિપાભાઈ વાળાનો પુત્ર ગત તારીખ ૧૦ નવેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રિના સાડા આઠ વાગ્યાના અરસામાં ગામની બજારમાં બેઠો હતો. તે સમયે ગામના જ પ્રકાશભાઈ વલકુભાઈ વાળા અને જયદેવભાઈ પ્રકાશભાઈ વાળા તેની સાથે માથાકૂટ કરી રહ્યા હતા.પુત્રને બચાવવા સેલારભાઈ વચ્ચે પડતા બંને આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ તેમને બેફામ ગાળો આપી હતી અને ઢીકાપાટુનો માર મારી વાસા તથા કમરના ભાગે મૂંઢ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે તારીખ ૧૫ નવેમ્બરના રોજ વડીયા પોલીસ સ્ટેશનના અનામત એ.એસ.આઈ. ડી. ટી. બળસટીયા સમક્ષ ફરિયાદ નોંધાવાઈ છે.

બે શખ્સોએ ઢીકાપાટુનો માર મારી કમરના ભાગે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી

સમૂહખેતી ગામે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી સંવાદ યોજાશે

અમરેલી,તા.૧૬

રાજુલા તાલુકાના સમૂહખેતી ગામે આજે ૧૭ અને ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના બે દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતી સંવાદ યોજાશે, જેમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પોતાના



અનુભવો રજૂ કરશે. રાજ્યપાલના હસ્તે સમૂહખેતીના પ્રણેતા સ્વ. ભગવાનબાપા કસવાલાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ તેમજ સ્વ. ગોવિંદબાપા પરસાણાની સ્મૃતિમાં ગોવિંદ સરોવરનું ભૂમિપૂજન કરવામાં આવશે. આ ઉપરાંત વૃક્ષારોપણ, ગૌપૂજન, ગૌશાળાની મુલાકાત અને મોડેલ ફાર્મની મુલાકાત સહિતના કાર્યક્રમો યોજાશે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભારતભાઈ સુતરિયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, હિરાભાઈ સોલંકી, જીલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા સહિત ઉપસ્થિત રહેશે.

અમરેલીના ગંગાનગર વિસ્તારમાં પડોશી દ્વારા વૃધ્ધ પર કરાયો હુમલો

અમરેલી,તા.૧૬

અમરેલી શહેરના ચક્કરગઢ રોડ પર આવેલ ગંગાનગર-૦૧, શેરી નં.૦૧ માં રહેતા નિવૃત્ત ૬૯ વર્ષીય અશોકભાઈ ગીરધરભાઈ ઠક્કર સાથે પડોશમાં જ રહેતા સંજયભાઈએ ઝઘડો કર્યો હતો. ગત તારીખ ૧૪ નવેમ્બર ૨૦૨૬ ના રોજ સાંજના પાંચ વાગ્યાના અરસામાં આરોપીએ પોતાના ઘરનું પાણી બહાર કાઢી ફરિયાદીના ડેલા તરફ ઢોળી ગંદકી કરતા અશોકભાઈએ તેમને ઠપકો આપ્યો હતો. આ બાબતનું મનદુઃખ રાખી આરોપીએ ફરિયાદીને ગાળો આપી, ગાલ પર બે-ત્રણ લાફા મારી જોરદાર ધક્કો માર્યો હતો. આ હુમલામાં અશોકભાઈને જમણા થાપાના ભાગે ગંભીર ફ્રેક્ચર જેવી ઈજા પહોંચી હતી તેમજ આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના અનામત હેડ કોન્સ્ટેબલ એમ.વી.મકવાણા સમક્ષ આરોપી વિરુધ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો છે.

આરોપીએ ગાળો આપી, લાફા ઝીકી જાનથી મારી નાખવાની ધમકી આપી

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

રાજુલા પોલીસે અકસ્માતમાં ઘાયલ પિતા-પુત્રને સારવાર અર્થે હોસ્પિટલે પહોંચાડ્યા

રાજુલા,તા.૧૬

રાજુલા નજીક હિંડોળા ચોકડી પાસે ભેંસ આડી ઉતરતાં મોટરસાઇકલ સ્લીપ થતાં પિતા-પુત્ર ઈજાગ્રસ્ત થયા હતા. બનાવમાં મહુવાના અજયભાઈ જીતુભાઈ લાડુમોરને ડાબા હાથમાં ફ્રેક્ચર થયું હતું, જ્યારે તેમના નવ વર્ષીય પુત્રને પણ ઈજાઓ પહોંચી હતી. પત્ની



હિનાબેનનો આબાદ બચાવ થયો હતો. બનાવની જાણ થતાં જન રક્ષક ૧૧૨ ટીમના હેડ કોન્સ્ટેબલ નૈમિષકુમાર રાવલ અને પાઇલટ નિઝામ સૈયદ તાત્કાલિક સ્થળે પહોંચ્યા હતા. ટેકનિકલ કારણોસર કેસ અસાઈન ન થયો હોવા છતાં પોલીસે માનવતા દાખવી બંને ઈજાગ્રસ્તોને રાજુલાની સમર્પણ હોસ્પિટલ ખાતે પહોંચાડ્યા હતા. પોલીસની આ કામગીરીને પરિવારજનોએ બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

જાફરાબાદના નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં GRD-SRD દળના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

જાફરાબાદ,તા.૧૬

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે GRD અને SRD દળના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દળની સ્થાપનાનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાયેલા કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય નાગેશ્રી પોલીસ



સ્ટેશનના PSI કે.ડી. હડિયા અને જાફરાબાદ તાલુકા પ્રેસ ક્લબના પ્રમુખ પ્રતાપભાઈ વરૂના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પોલીસ સ્ટેશનના સ્ટાફ તથા GRD-SRDના જવાનોએ વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે નિકુંજદાદા મહેતા દ્વારા સત્યનારાયણ ભગવાનની કથા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને જવાનો ઉપસ્થિત રહ્યા હતા. દેશ અને સમાજની સુરક્ષા, શાંતિ તથા કાયદો-વ્યવસ્થા જાળવવામાં જવાનોની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

ચલાલાના મોચી બજારમાંથી મોટર સાયકલની ઉઠાંતરી

ચલાલા,તા.૧૬

ચલાલાના મોચી બજાર વિસ્તારમાંથી બે દિવસ અગાઉ વીસ હજાર રૂપિયાની કિંમતનું બજાજ બોક્સર મોટરસાઇકલ ચોરાયાની ઘટના સામે આવી છે. આ અંગે પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ચલાલા અંબાધામ શેરીમાં સ્ટેશનપરા અમરેલી રોડ પર રહેતા અને અભ્યાસ તેમજ વર્ક ફ્રોમ હોમ કરતા પ્રથમભાઇ ઘનશ્યામભાઇ ગેડીયાનું મોટરસાઇકલ નંબર જીજે-૦૧-સીએલ-૦૯૦૫ ગત તારીખ ૧૪ નવેમ્બર ૨૦૨૬ ના રોજ બપોરના બે વાગ્યાથી તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૬ ના રોજ બપોરના સાડા બાર વાગ્યાની વચ્ચે દાનબાપુની જગ્યા પાસે ચલાલા મોચી બજાર વાળી શેરીમાંથી કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. આ બનાવ અંગે ચલાલા પોલીસ સ્ટેશનના અનામત હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ખોડાભાઈ બગડા સમક્ષ અજાણ્યા ચોર ઇસમ વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો છે.



ભેંસવડીમાં ખોખલા મહાદેવ મંદિરના જીર્ણોધ્ધાર મહોત્સવની આજે પુર્ણાહૂતિ

અમરેલી,તા.૧૬

લીલીયા તાલુકાના ભેંસવડી ગામે આશરે ૨૫૦ વર્ષ જૂના સ્વયંભૂ પ્રગટ ખોખલા મહાદેવ (ભેંસવડિયા મહાદેવ) મંદિરનો ૧૫થી ૧૭ નવેમ્બર દરમિયાન જીણાધ્ધર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ. સમસ્ત ભેંસવડી ગામ સેવા સમિતિ દ્વારા ૧૩ અને ૧૪ નવેમ્બરે ગામની પવિત્રતા માટે માલઢોર સહિત સમગ્ર ગામ ખાલી કરી દૂધની ધારાવાડીનું આયોજન





કરાયું હતું.પંડિત જયદીપદાદા જાની દ્વારા ધાર્મિક વિધિઓ કરાવવામાં આવી હતી. મહોત્સવનો પ્રારંભ શિવકથાકાર ગીરીબાપુના હસ્તે જળાભિષેક સાથે થયો હતો. પાંચ દિવસીય ઉત્સવમાં રૂપલમાં, ઉષામૈયા, યોગીની મહેશ્વરીનાથજી સહિત અનેક સંતો-મહંતો ઉપસ્થિત રહેશે. આ ઉત્સવમાં રાજયમંત્રી કૌશિક વેકરીયા, મહેશ કસવાળા અને પ્રતાપ દુધાત સહિતના આગેવાનો હાજર રહેશે. આ ધાર્મિક કાર્યક્રમમાં ગામની દીકરીઓ પણ પીયર આવી ઉત્સવમાં ભાગ લેશે.

૧૫થી ૧૭ નવેમ્બર દરમિયાન ધાર્મિક ઉત્સવ; સંતો-મહંતાએ આપ્યા આશીર્વાદ, ગામમાં દૂધની ધારાવાડી વહી

અમરેલી સિટી અને નાગેશ્રી પોલીસે અલગ-અલગ કાર્યવાહીમાં

નશાખોર કારચાલક અને છરી સાથે એક શખ્સને ઝડપ્યા

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લા પોલીસે ગત તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૬ ના રોજ બે અલગ-અલગ ગુનામાં બે શખ્સોની અટકાયત કરી છે. પ્રથમ બનાવમાં અમરેલી સિટી પોલીસે કેરીયા રોડ બાયપાસ પર શિવપાર્ક પાસેથી નશાની હાલતમાં ટાટા નેક્સોન કાર (રજી. નં. જી.જે.-૧૪-બી.ડી.-૬૫૪૯) ચલાવતા શિવ પાર્ક સોસાયટીના રહેવાસી મિલનભાઈ કિરીટભાઈ ચરાડવાને ઝડપી લીધો હતો. બીજા બનાવમાં નાગેશ્રી પોલીસે જાફરાબાદ તાલુકાના ટીંબી ગામના ૨૦ વર્ષીય સાબીરભાઈ શાહિદભાઈ સરવૈયાને જાહેરમાં કમરના ભાગે ગેરકાયદેસર રીતે છરી રાખી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરતા પકડી પાડ્યો હતો. બંને પોલીસ સ્ટેશનોમાં આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

કેરીયા રોડ બાયપાસ પર નશાની હાલતમાં નેક્સોન કાર ચલાવનાર તથા ટીંબીના યુવાન સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ





મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં. મરણ નોંધણી/અરજી નં.૯૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- દેવરાજભાઈ લાલજીભાઈ ભાલીયા, રે.પટેલનુ નાકુ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી,સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે

મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદાશ્રી રણછોડભાઈ જુઠાભાઈ ભાલીયાનુ મરણ તા.૨૦/૦૯/૧૯૫૫ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં. મરણ નોંધણી/અરજી નં.૮૯/૨૦૨૬

અરજદારશ્રીઃ- દેવરાજભાઈ લાલજીભાઈ ભાલીયા, રે.પટેલનુ નાકુ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી,સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે

મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના મોટા બાપાશ્રી જગાભાઈ રણછોડભાઈ ભાલીયાનુ મરણ તા.૨૩/૦૭/૧૯૫૮ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૮૭/૨૦૨૬

અરજદારશ્રીઃ- મુકતાબેન ગોરધનભાઈ ભાલીયા, જી રે.કાનજીબાપુની જગ્યા પાસે, અમરેલી રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી,સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે

મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના સાસુશ્રી મોંઘીબેન રાજાભાઈ ભાલીયાનુ મરણ તા.૦૬/૦૨/૧૯૬૮ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૮૮/૨૦૨૬

અરજદારશ્રીઃ- મુકતાબેન ગોરધનભાઈ ભાલીયા, રે.કાનજીબાપુની જગ્યા પાસે, અમરેલી રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી,સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે

મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના સસરાશ્રી રાજાભાઈ રણછોડભાઈ ભાલીયાનુ મરણ તા.૧૨/૦૭/૧૯૬૧ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

સા.કુંડલાના સીમરણની વાડી ખાતે એસ.ટી.ની એક્સપ્રેસ બસોને સ્ટોપ મળતા મુસાફરોમાં આનંદ

સાવરકુંડલા,તા.૧૬



મહુવા અમરેલી હાઇવે પરના સીમરણની વાડી બસ સ્ટેશન ખાતે માત્ર લોકલ બસો જ ઊભી રહે છે. છેલ્લા ૪૦ વર્ષથી એક્સપ્રેસ બસને સ્ટોપ આપવા માટેની માંગણીનો આજે અંત આવ્યો છે. આ વિસ્તારના જીરા ગામના દક્ષાબેન ચોડવડિયા જિલ્લા પંચાયતના પ્રમુખ અને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના સંયુક્ત પ્રયાસથી આ સમસ્યાનો આજે ઉકેલ આવ્યો છે. અહીંથી પસાર થતી આશરે ૪૦ જેટલી એક્સપ્રેસ બસને હવે કાયમી સ્ટોપ આપવા માટે નિર્ણય કરાતા આ કાર્યક્રમમાં નેસડી ખોડીયાર મંદિરના લવજી બાપુ, મહેશભાઈ કસવાળા, દક્ષાબેન, જીરા ગામના અગ્રણીઓ, અમરેલી એસટી વિભાગના વિભાગીય વડા તેમજ સાવરકુંડલા ડેપોના ડેપો મેનેજર નથવાણી સહિતના મહાનુભાવોના વરદ્ હસ્તે લીલી ઝંડી આપી બસને રવાના કરવામાં આવી હતી. સીમરણ વાડી ખાતે ચોડવડીયા પરિવાર દ્વારા કાશીબા બસ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

રાજુલા BAPS મંદિરે ૧૫૬ ભોગના ભવ્ય અન્નકૂટ ઉત્સવની ઉજવણી કરાઈ

રાજુલા, તા.૧૬



રાજુલા શહેરના BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે નૂતન વર્ષ નિમિત્તે ભવ્ય અન્નકૂટ ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે પૂજ્ય સ્વામી યોગીપુરુષદાસજી અને પૂજ્ય સ્વામી શાંતનયનદાસજીની ઉપસ્થિતિમાં ઠાકોરજી સમક્ષ ૧૫૬ પ્રકારની વિવિધ સાત્વિક વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ઉત્સવમાં એફિલ ટાવરની સુંદર પ્રતિકૃતિ તેમજ અબુધાબી સ્થિત BAPS હિન્દુ મંદિરની આબેહૂબ ઝાંખી તૈયાર કરવામાં આવી હતી, જે ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આરતી બાદ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. ઉત્સવને સફળ બનાવવા ભરતભાઈ દેલવાડિયા, જયેશભાઈ વાસાણી, બીપીનભાઈ સરવૈયા સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અમરેલી જિલ્લામાં યોગાસન સ્પર્ધા-૨૦૨૬ યોજાશે

અમરેલી,તા.૧૬

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગાસન સ્પર્ધા-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. યોગ પ્રત્યે જાગૃતિ વધારવા યોજાનારી સ્પર્ધામાં ૯થી ૧૬ વર્ષ, ૧૭થી ૩૫ વર્ષ અને ૩૬ વર્ષથી વધુ વયના લોકો ભાગ લઈ શકશે. યોગ બોર્ડ સાથે જોડાયેલા કોચ અને ટ્રેનરો માટે પણ અલગ કેટેગરી રાખવામાં આવી છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે ૩૦ નવેમ્બર સુધી https://yogasan.gsyb.in/ પર ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. સ્પર્ધા જિલ્લા, ઝોન અને રાજ્ય કક્ષાએ યોજાશે. જિલ્લા કક્ષાના તમામ સ્પર્ધકોને ડિજિટલ પ્રમાણપત્ર અને વિજેતાઓને રોકડ પુરસ્કાર સાથે પ્રમાણપત્ર અપાશે.

રાજુલા શહેરમાં આવેલી ૧૨૫ વર્ષ જૂની ધર્મશાળામાં અન્નકૂટ દર્શન યોજાયા

રાજુલા,તા.૧૬



રાજુલા શહેરની ૧૨૫ વર્ષથી વધુ પ્રાચીન ધર્મશાળામાં આવેલા લક્ષ્મીનારાયણ મંદિર, ગોકુળેશ્વર મહાદેવ મંદિર અને રામદરબારમાં પવિત્ર પર્વ નિમિત્તે ભવ્ય અન્નકૂટ દર્શન અને આરતી યોજાઈ હતી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેરે આરતી ઉતારી દર્શનનો લાભ લીધો હતો. દીપકભાઈ ઠક્કર, શ્યામભાઈ ઠક્કર, ગોપાલભાઈ મધુભાઈ સહિત શહેરના અગ્રણીઓ, વેપારીઓ અને બહોળી સંખ્યામાં માતાઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. હિતેશદાદા જાખરા દ્વારા વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. વર્ષો જૂની આ ધર્મશાળામાં યોજાયેલા ધાર્મિક કાર્યક્રમથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. શ્રધ્ધાળુઓએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

અમરેલીના નવા ગીરીયા ગામે મોબાઈલ સાચવવા બાબતે યુવાન પર કડા અને છરીથી હુમલો


અમરેલી,તા.૧૬

અમરેલી તાલુકાના નવા ગીરીયા ગામે પ્રવિણભાઈ વાલજીભાઈ ચાવડા પાનની દુકાને માવો ખાવા ગયા હતા, ત્યારે તેમના કાકાના દીકરાનો મોબાઈલ ફોન સાચવવા માટે તેમની પાસે હતો. આ દરમિયાન આરોપી વશરામભાઈ પાલજીભાઈ ચાવડા ત્યાં આવીને ઝઘડો કરવા લાગ્યા હતા કે તે કેમ મોબાઈલ લીધો છે. આરોપીએ ગાળો બોલીને પ્રવિણભાઈના ડાબા નેણ પર કડાથી પ્રહાર કરતા ત્રણ ટાંકા આવ્યા હતા.

ત્યારબાદ ઘરે પહોંચ્યા બાદ પણ આરોપીએ છરી બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી જાહેરનામાનો ભંગ કર્યો હતો.

રાજુલામાં સાયલેન્સર વગરનું બેદરકારીભર્યું બુલેટ ચલાવવા બદલ યુવાનની અટકાયત

રાજુલા,તા.૧૬



રાજુલા શહેરમાં તા. ૧૪/૧૧/૨૦૨૬ના રોજ રાજુલા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે મોડી રાત્રીના બસ સ્ટેશનથી કોહીનુર વિસ્તારમાં એક રોયલ એનફીલ્ડ બુલેટમાં મોડીફાય કરેલ ઉંચા અવાજનુ સાયલેન્સર તેમજ વગર નંબર પ્લેટ અને ફેન્સી એલ.ઈ.ડી લાઈટનો ઉપયોગ કરી એક બુલેટ ચાલક યુવરાજભાઈ જગુભાઈ વાળા (ઉ.વ.૨૧ ધંધો.પ્રા.નોકરી મુળ રહે.પાદરગઢ તા.ધારી હાલ રહે. નિકોલ, અમદાવાદ) પુરપાટ ઝડપે ચલાવી નીકળેલ, જેથી તરત જ પોલીસ ટીમે રોકી કાગળો ખરાઈ કરતા લાઈસન્સ વગર ચલાવી પકડી પાડી તેના ચાલક વિરૂધ્ધમાં બી.એન.એસ. તથા એમ.વી.એક્ટની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

લીલીયાના કાંકચમાં સરકારી પ્લોટ ખાલી કરવાની અરજીનું મનદુઃખ રાખી ખેતમજૂર પર હુમલો

અમરેલી, તા.૧૫

ચાર શખ્સોએ એક ખેતમજૂર પર લોખંડના પાઇપ અને લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી

લીલીયાના કાંકચ ગામે ફરિયાદી રમેશભાઈ નાઝાભાઈ હેલૈયા (ઉ.વ. ૪૧) એ અગાઉ આરોપીઓએ સરકારી પ્લોટમાં કરેલા ગેરકાયદેસર બાંધકામ વિરુદ્ધ કલેક્ટર કચેરીમાં અરજી કરી હતી, જેના આધારે પ્લોટ ખાલી કરવાનો હુકમ થયો હતો. આ બાબતનું મનદુઃખ રાખી તા. ૧૪ નવેમ્બરના રોજ રાત્રે ફરિયાદી નળ કનેક્શન પર પાણી ભરવા ગયા હતા. ત્યારે વિનુભાઈ ભગવાનભાઈ હેલૈયા અને ગૌરીબેને બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જ્યારે દિપકભાઈએ લોખંડના પાઈપ અને કલ્પેશભાઈએ લાકડી વડે માર મારી મારતા લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

વડીયા અને લીલીયા પંથકમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બે આરોપીઓ ઝડપાયા

અમરેલી,તા.૧૬

પોલીસે દારૂ સહિત રૂા.૨.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી જિલ્લાના વડીયા અને લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે સઘન પેટ્રોલીંગ અને બાતમીના આધારે દરોડા પાડીને વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસે બંને બનાવમાં પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુના નોંધી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. વડીયા પોલીસ સ્ટેશન વિસ્તારના દેવળકી ગામે પોલીસે દરોડો પાડી સિધ્ધાર્થભાઈ રામજીભાઈ વાઘેલા નામના શખ્સને મધ્યપ્રદેશ બનાવટના વિદેશી દારૂના ચપટા સાથે ઝડપી લીધો હતો. જ્યારે બીજા બનાવમાં લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારના આંબાથી સલડી ગામના ગાડા માર્ગ પરથી પ્રકાશભાઈ કબાનભાઈ મેડા પોતાના કબજાની ઈકો ગાડીમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂની કુલ ૧૪૪ બોટલો ભરીને જઈ રહ્યા હતા. પોલીસે દારૂ અને વાહન સહિત કુલ રૂ. ૨,૨૫,૩૭૯/- નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૩, તિથિ: આઠમ
તા.૧૭-૧૧-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૪૪,
સૂર્યાસ્ત-૦૫:૨૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

દૈનિક રાશિફળ

તા.૧૭-૧૧-૨૦૨૬ મંગળવાર

મેષ: આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. કેટલાક લોકોને આંખની સમસ્યા નડી શકે છે અથવા અનિદ્રાની સમસ્યા હોઈ શકે છે.

વૃષભ: આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે.

મિથુન: આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે.

કર્ક: આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.

સિંહ: આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

કન્યા: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. બાળકની કોઈપણ સ્પર્ધામાં અણધારી સફળતા વિશે જાણવા મળશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે.

ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો સફળ થશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મકર: આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધી સાથે વ્યવહાર ના કરો કારણકે સંબંધ ખરાબ થવાની સંભાવના છે.

કુંભ: આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડોક્ટરની સલાહ લેવી જોઈએ. જો તમે શરીરને થોડો આરામ આપો તો તે વધુ સારું રહેશે.

મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે. સાસરાવાળા તરફના સહયોગથી વધુ ફાયદો થઈ શકે છે.

રાજુલાના નિંગાળા-૧ ખાતે આહીર એજ્યુકેશન સમિતિનો પાંચમો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

રાજુલા,તા.૧૬



આહીર એજ્યુકેશન સમિતિ - રાજુલા દ્વારા નિંગાળા-૧ ગામે આહીર સમાજવાડી ખાતે પાંચમો "તેજસ્વી વિદ્યાર્થી તથા વ્યક્તિ વિશેષ સન્માન સમારોહ એવમ્ સ્નેહમિલન-૨૦૨૬" યોજાયો હતો. આ પ્રસંગે ધોરણ ૧૦-૧૨, વિવિધ શિષ્યવૃત્તિ અને પ્રવેશ પરીક્ષાઓ (GUJCET, JEE, NEET), ઉચ્ચ અભ્યાસ (Ph.D., NET, GSET) માં સફળ રહેલા ૩૧૫ તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ સરકારી નોકરી મેળવનાર ૨૮ યુવાનો સહિત કુલ ૩૪૦ પ્રતિભાઓનું સન્માન કરાયું હતું. વર્ષ ૨૦૨૨થી "શિક્ષિત સમાજ - વિકસિત સમાજ"ના ધ્યેય સાથે કાર્યરત સમિતિના આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો, વાલીઓ અને દાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતે, તમામ દાતાઓ અને કાર્યકરોનો આભાર માની આગામી વર્ષ ૨૦૨૭નો સમારોહ કારતક સુદ ત્રીજના રોજ હિંડોરણા મુકામે યોજવાની જાહેરાત કરવામાં આવી હતી.

અમરેલીના દહીડા ગામે બીમારીથી કંટાળી યુવકે ઝેરી દવા પીધી

અમરેલી, તા. ૧૬

અમરેલીના દહીડા ગામે બીમારીથી કંટાળી એક યુવકે ઝેરી દવા પી લીધી હતી. આ બનાવ અંગે માધાભાઈ જીવાભાઈ પરમાર (ઉ.વ. ૬૦) એ જાહેર કર્યા મુજબ, અશોકભાઈ માધાભાઈ પરમાર (ઉ.વ. ૩૧) ને ઘણા સમયથી પેરાલિસિસ (લકવા) નો અસહ્ય દુખાવો થતો હતો. જેનાથી કંટાળીને તેમણે પોતાની મેળે ખડ બાળવાની ઝેરી દવા પી લીધી હતી.

બાબરા માર્કેટ યાર્ડ પાસે રામાપીરના મંદિર પાછળથી દારૂની છ બોટલ ઝડપાઈ

બાબરા, તા. ૧૬

બાબરા માર્કેટ યાર્ડ પાસે રામાપીરના મંદિર પાછળથી દારૂની છ બોટલ ઝડપાઈ હતી. ઈમરાનભાઈ ઉર્ફે ઈમુ સુલેમાનભાઈ અગવાન (ઉ.વ. ૩૯) પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની વિવિધ બ્રાન્ડની છ બોટલો મળી આવી હતી. પોલીસે કુલ રૂ. ૭,૧૩૪નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમરેલીના ફતેપુર રોડ વિસ્તારમાંથી પંદર વર્ષીય સગીરાનું કરાયું અપહરણ

પિતાએ અજાણ્યા શખ્સ વિરુધ્ધ લાઠી પોલીસ સ્ટેશનમાં નોંધાવી ફરિયાદ

અમરેલી,તા.૧૬

અમરેલીના ફતેપુર રોડ પર આવેલ વેલનાથપરા હાઉસીંગ કોલોનીની બાજુમાં રહેતા અને ફેનીક્સ સ્પીનીંગ મીલમાં મજૂરી કામ કરતા શ્રમિકની પંદર વર્ષ અને પાંચ માસની સગીર પુત્રીનું અપહરણ થયું છે. ગત તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૬ ના રોજ સાંજના પોણા છ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યો શખ્સ સગીરાને કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો.

આ મામલે પિતાએ લાઠી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર કે. કે. પાંડવ સમક્ષ અજાણ્યા ઈસમ વિરુધ્ધ ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કરીયાણા ગામેથી પાણી ભરવા જવાનું કહી પરિણીતા લાપતા

અમરેલી,તા.૧૬

બાબરા તાલુકાના કરીયાણા ગામેથી ૨૭ વર્ષીય મહિલા કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી જઈ ગુમ થયાની ઘટના સામે આવી છે. બાબરાના કરીયાણા ગામે રહેતા રાઠોડ પરિવારની ૨૭ વર્ષીય મહિલા ઘરેથી પાણી ભરવા જવાના બહાને પહેરેલા કપડે ક્યાંક ચાલી ગઈ છે. આ અંગે બાબરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ પરમાર દ્વારા ગુમ થનાર મહિલાની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

રાજુલાના જૂની કાતર ગામે યુવકને માર મારી જાનથી મારી નાખવાની ધમકી

રાજુલા,તા.૧૬

રાજુલા તાલુકાના જૂની કાતર ગામે એક યુવક પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી અપાયાનો બનાવ સામે આવ્યો છે.જૂની કાતરના ટીંબા વિસ્તારમાં રહેતા અને મજૂરીકામ કરતા ગોવિંદભાઈ જેઠાભાઈ જોગદિયા (ઉ.વ. ૩૬) ગત તા. ૧૩/૧૧/૨૦૨૬ના રોજ સાંજે સાડા ચાર વાગ્યાના અરસામાં ગામમાં દિનેશભાઈ પરમારની દુકાન પાસે ઊભા હતા. આ સમયે જયતો રાજાભાઈ જોગદિયા ફોરવ્હીલ લઈને દારૂ પીધેલી હાલતમાં ત્યાં આવ્યો હતો અને "અહીં કેમ ઊભો છો?" કહી અપશબ્દો બોલી ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો. આરોપીએ ફરી સામે મળીશ તો જીવતો નહીં રહેવા દઉં તેવી ધમકી પણ આપી હતી. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

દારૂ પીધેલી હાલતમાં આવેલા શખ્સે દુકાન પાસે ઊભા રહેવા બાબતે બોલાચાલી કરી હુમલો કર્યો

તંત્રી લેખ

એઆઈનો સકારાત્મક ઉપયોગ, ભાજપની નવી રણનીતિ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની ટૂંકી મુલાકાત દરમિયાન ભાજપના નેતાઓને એક ખૂબ જ મહત્વની અને સમયોચિત શીખ આપી હતી. તેમણે કહ્યું કે આવતી વિધાનસભા ચૂંટણીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો હકારાત્મક રીતે ઉપયોગ કરજો. આ વાત માત્ર એક સૂચના નથી, તે ભવિષ્યના રાજકારણની દિશા બતાવે છે. સરકારની યોજનાનો લાભ કોને મળ્યો, કોને નથી મળ્યો, ક્યાં અટકાયું છે, તેની સાચી માહિતી મેળવી શકાય છે. એટલે મોદીનો આ સંદેશ ખરેખર આગળ વધવાનો સંદેશ છે. તે દર્શાવે છે કે તેઓ ગુજરાતને માત્ર જૂની સફળતાના આધારે નહીં, પણ નવી ટેકનોલોજી અને નવી વિચારસરણી સાથે આગળ લઈ જવા માંગે છે.

મુખ્યમંત્રી નિવાસસ્થાને મળેલી બેઠકમાં ૩૪ નેતાઓ હાજર હતા. વાતાવરણ શરૂઆતમાં ગંભીર હતું, પણ પછી મોદીએ પોતે જ તેને હળવું બનાવ્યું. તેમણે ૮૦ અને ૯૦ના દાયકાના હાસ્યસભર કિસ્સા સંભળાવ્યા. આ ઘટના ઘણું બધું કહી જાય છે. એક નેતા કડક વાત પણ કરી શકે છે અને સાથે જ સૌને હસાવીને પોતાના પણ બનાવી શકે છે. આ જ સાચું નેતૃત્વ છે. મોદી માત્ર આદેશ આપવા નથી આવ્યા, તેઓ પોતાના જૂના સાથીઓ સાથે જૂની યાદો તાજી કરવા, તેમની સાથે જોડાવા આવ્યા હતા. ભોજન સમારંભમાં પણ તેમનો આ જ ભાવ દેખાયો. તેઓ ઈચ્છે છે કે સરકાર અને સંગઠન વચ્ચે કોઈ દૂરતા ન રહે. બંને એક જ પરિવારના સભ્યો છે. સરકાર નીતિ બનાવે છે, સંગઠન તે નીતિને લોકો સુધી લઈ જાય છે. જો બંને વચ્ચે સંવાદ ઓછો થાય તો લોકોને નુકસાન થાય છે. એટલે જ મોદીએ બંનેને સાથે બેસાડીને વાત કરી, બંનેને એકસાથે માર્ગદર્શન આપ્યું. મંચ પર બેઠક વ્યવસ્થા અંગે જે ચર્ચા થઈ, તેને પણ આ જ દૃષ્ટિકોણથી જોવી જોઈએ. મોદી માટે પદ કે મંચ મહત્વનું નથી, કામ મહત્વનું છે. તેઓ દરેકને એ સમજાવવા માંગે છે કે કોઈ નાનું કે મોટું નથી, સૌનું કામ મહત્વનું છે. સંગઠનના નેતાઓને મંચ પર સ્થાન ન મળ્યું એ વાતને અવગણના તરીકે નહીં, પણ એક સંદેશ તરીકે જોવી જોઈએ કે નેતા મંચ પર નહીં, લોકોની વચ્ચે શોભે છે.

આખી મુલાકાતને જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે મોદીની ગુજરાત મુલાકાત કોઈ સામાન્ય મુલાકાત નહોતી. તે એક વાલીની મુલાકાત હતી, એક માર્ગદર્શકની મુલાકાત હતી. તેઓ ગુજરાતને ૨૦૨૭ની ચૂંટણી માટે જ નહીં, પણ આગામી દાયકાઓ માટે તૈયાર કરવા માંગે છે. તેઓ ઈચ્છે છે કે ગુજરાતનું સંગઠન ટેકનોલોજીમાં પણ આગળ હોય, સરકાર કામમાં પણ આગળ હોય અને કાર્યકર્તા લોકોના દિલમાં પણ આગળ હોય. તેમની નારાજગી એ ખરેખર ગુજરાતને વધુ સારું બનાવવાની તડપ છે. જ્યારે નેતા કહે છે કે હું ખુશ નથી, ત્યારે કાર્યકર્તાએ એવું સમજવું જોઈએ કે હજુ આપણી પાસે વધુ સારું કરવાની તક છે. ગુજરાતે હંમેશા પડકારને તકમાં બદલ્યો છે. આ વખતે પણ એવું જ થશે. એઆઈનો સકારાત્મક ઉપયોગ, લોકો સાથે સતત સંપર્ક અને કાર્યકર્તા તરીકેની નમ્રતા, આ ત્રણ બાબતો જો ભાજપના દરેક કાર્યકર્તા અપનાવી લેશે તો ગુજરાતની જીત નિશ્ચિત છે. મોદીનો સંદેશ નિરાશાનો નહીં, આશાનો છે. તે સંદેશ છે કે હજુ ઘણું કરવાનું બાકી છે અને આપણે સૌ સાથે મળીને તે કરી શકીએ છીએ.

હિમાલયની હિમ લહરીએ મોકલ્યો શિયાળાનો પહેલો સંદેશો



શિયાળો ક્યારેય એકાએક આવતો નથી. તે ધીમે પગલે આવે છે, જાણે કોઈ મહેમાન ઘરના આંગણે આવીને ધીમેથી સાંકળ ખખડાવે. પહેલા તે સવારની હવામાં પોતાની હાજરી નોંધાવે છે, પછી સાંજની ઠંડકમાં ભળી જાય છે, અને પછી ધીમે ધીમે આખા દિવસ પર પોતાનું સામ્રાજ્ય જમાવે છે. અત્યારે આપણે એ જ સંધિકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ. ઉનાળાની આકરી ગરમી અને ચોમાસાની ભેજવાળી બફારો હવે ભૂતકાળ બની રહ્યા છે. તેની જગ્યાએ એક એવી ઋતુ આવી રહી છે, જેને ગુજરાતીઓએ પ્રેમથી ગુલાબી ઠંડી નામ આપ્યું છે. આ ઠંડી ગુલાબના ફૂલ જેવી છે, સુંદર, સુગંધીદાર અને સ્પર્શે તો કોમળ. તે શરીરને કંપાવતી નથી, પણ ગાલને ગુલાબી બનાવી દે છે. તે મનને ઉદાસ કરતી નથી, પણ જીવન પ્રત્યે નવો પ્રેમ જગાડે છે.

આ ઋતુના આગમન પાછળ કુદરતનું એક વિશાળ તંત્ર કામ કરી રહ્યું છે. સૌથી પહેલી વાત છે ઉત્તર ભારતમાં સક્રિય થયેલા પશ્ચિમી વિક્ષેપની. જ્યારે આ વિક્ષેપ સક્રિય થાય છે, ત્યારે હિમાલયના ઊંચા શિખરો પર હિમવર્ષા થાય છે. જમ્મુથી લઈને હિમાચલ સુધીના પહાડો અત્યારે ધોળા બરફની ચાદર ઓઢીને બેઠા છે. ત્યાંની હવા બરફના સ્પર્શથી અત્યંત શીતળ બની જાય છે. આ શીતળ હવા પર્વતો પર કેદ રહેતી નથી. તે તો વાયુની પાંખે સવાર થઈને મેદાનો તરફ ઊડી આવે છે. દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ થઈને તે ગુજરાતના આંગણે પણ આવી પહોંચે છે. આપણે વહેલી સવારે જે ઠંડો પવન અનુભવીએ છીએ, તે ખરેખર હિમાલયનો જ શ્વાસ છે. હજારો કિલોમીટર દૂર બેઠેલા હિમાલય અને આપણા ગામના આંગણા વચ્ચે આ પવન એક અતૂટ સેતુ બની જાય છે. કવિઓએ કહ્યું છે તેમ, કુદરત ક્યારેય ટુકડાઓમાં કામ કરતી નથી, તે આખા દેશને એક જ સૂત્રે બાંધે છે.

બીજું મોટું પરિવર્તન પવનની દિશામાં આવ્યું છે. ચોમાસામાં પવન દરિયામાંથી આવે છે. તે પોતાની સાથે પાણીનો ભાર લઈને આવે છે, તેથી હવા ભારે અને ચીકણી લાગે છે. હવે દિશા બદલાઈ છે. પવન હવે ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશામાંથી વાઈ રહ્યો છે. આ પવન સૂકો છે, હળવો છે અને ઠંડો છે. તે જ્યારે વહે છે, ત્યારે આખા વાતાવરણને ધોઈ નાખે છે. આકાશ વધુ નીલું લાગે છે, સૂર્યનો પ્રકાશ વધુ સોનેરી લાગે છે અને દૂર દૂર સુધીનું દ્રશ્ય સ્પષ્ટ દેખાય છે. વહેલી સવારે જ્યારે આ પવન વૃક્ષોની ડાળીઓને સ્પર્શે છે, ત્યારે પાંદડાં પર બાઝેલું ઝાકળ મોતીઓની જેમ ખરી પડે છે. ખેડૂતો કહે છે કે આ પવન એટલે શિયાળાના દૂતનો પગરવ.

ત્રીજું કારણ છે હવામાંથી ભેજની વિદાય. ચોમાસા પછી હવા ધીમે ધીમે સૂકી થતી જાય છે. ભેજવાળી હવા ગરમીને પકડી રાખે છે, જેમ ભીનું કપડું ગરમીને લાંબો સમય સાચવી રાખે છે. સૂકી હવા એવું કરી શકતી નથી. તેથી દિવસે સૂર્ય તપે છે, પણ સાંજ પડતાં જ તેની ગરમી હવામાંથી સરકી જાય છે. રાત્રે ધરતી ઝડપથી ઠંડી થઈ જાય છે અને વહેલી સવારે તો ઠંડી પોતાના પૂરા રૂપમાં પ્રગટ થાય છે. સવારે થોડો ભેજ લાગે છે, પણ બપોર સુધીમાં હવા એકદમ ચોખ્ખી થઈ જાય છે. આ સૂકી હવાને કારણે જ રાત્રે તારાઓ વધુ તેજસ્વી દેખાય છે અને ચાંદની વધુ નિર્મળ લાગે છે. આખું આકાશ જાણે ધોઈને સાફ કર્યું હોય તેવું લાગે છે.

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આ બદલાવની અસર હવે લોકજીવન પર સ્પષ્ટ દેખાય છે. વહેલી સવારે ગામના તળાવની પાળે, શહેરના બગીચામાં, નદીના કિનારે અને વોક-વે પર લોકોની અવરજવર વધી ગઈ છે. કોઈ યોગ કરી રહ્યું છે, કોઈ દોડી રહ્યું છે, કોઈ મિત્રો સાથે હસતાં હસતાં ચાલી રહ્યું છે. જે લોકો મહિનાઓથી ઘરમાં કેદ હતા, તેઓ હવે ખુલ્લી હવાનો આનંદ માણી રહ્યા છે. ચાની કીટલીઓ પર ફરી રોનક આવી ગઈ છે. ગરમાગરમ ભજિયાં, ગાંઠિયા અને આદુવાળી ચાની સુગંધ સવારની હવામાં ભળી ગઈ છે. બાળકો પણ હવે સ્કૂલે જવા માટે ઉત્સાહિત છે, કારણ કે દફ્તરનું વજન હવે ગરમીથી ભારે લાગતું નથી.

ગામડાંમાં તો આ ઋતુનું આગમન જ એક ઉત્સવ જેવું છે. ખેતરોમાં રવિ પાકનો વાવેતરનો સમય ચાલી રહ્યો છે. ઘઉં, ચણા, જીરું, સરસવ અને શાકભાજીના છોડને આ ઠંડી હવા અને સવારનું ઝાકળ અમૃત જેવું લાગે છે. ખેડૂત સવારે ખેતરે જાય છે ત્યારે તેના પગ નીચે ભીની માટી અને ઉપર ઠંડી હવા તેને નવી આશા આપે છે. તે જાણે છે કે આ ઠંડી જ તેના પાકને મજબૂત બનાવશે. આ ઋતુમાં જમીનમાંથી એક અલગ જ સુગંધ આવે છે, જેને ગામડાના લોકો માટીની મહેક કહે છે. શહેરના લોકો માટે આ મહેક કદાચ અજાણી હોય, પણ તે જ તો આપણી સંસ્કૃતિનું મૂળ છે.

શિયાળાની આ શરૂઆત શરીર અને મન બંને માટે આશીર્વાદરૂપ છે. આયુર્વેદમાં આ સમયને ઉત્તમ ગણવામાં આવ્યો છે. આ ઋતુમાં ભૂખ સારી લાગે છે, પાચન સુધરે છે અને ઊંઘ પણ ગાઢ આવે છે. કામ કરવાનો ઉત્સાહ વધે છે. દિવસભરની થાક સાંજની ઠંડી હવામાં ઓગળી જાય છે. જોકે આ સુંદરતાની સાથે થોડી સાવધાની પણ જરૂરી છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડી, આ બેવડા વાતાવરણમાં શરદી અને ઉધરસ ઝડપથી પકડી લે છે. ખાસ કરીને બાળકો અને વધ્ધોએ વહેલી સવારે હળવા ગરમ વસ્ત્રો પહેરવા જોઈએ. સવારની ઠંડી હવામાં સીધા બહાર નીકળવાને બદલે થોડી હૂંફ સાથે નીકળવું વધુ હિતાવહ છે. પૂરતું પાણી પીવું, તાજા ફળો ખાવા અને રાત્રે પૂરતી ઊંઘ લેવી, એ આ ઋતુમાં સ્વસ્થ રહેવાના સરળ ઉપાયો છે.

આ ઋતુ સાથે આપણી સંસ્કૃતિ પણ જોડાયેલી છે. શિયાળો એટલે લગ્નોની મોસમ, મેળાઓની મોસમ, પ્રવાસની મોસમ. ગુજરાતમાં આ સમયે લોકો સાપુતારા, કચ્છ, ગિર અને સોમનાથ તરફ ફરવા નીકળી પડે છે. ગામડાંમાં લોકડાયરા અને ભજનની રમઝટ જામે છે. સાંજે પરિવાર સાથે આંગણામાં બેસીને મગફળી અને ગોળ ખાવાની મજા જ કંઈક અલગ છે. શહેરોમાં પણ સાંજે બગીચાઓમાં પરિવારો ભેગા થાય છે. આ ઠંડી આપણને ફરી એકવાર એકબીજાની નજીક લાવે છે. મોબાઈલની દુનિયામાંથી બહાર નીકળીને ખુલ્લા આકાશ નીચે બેસવાનું મન થાય છે. કદાચ એટલે જ વડીલો કહે છે કે શિયાળો માણસને માણસની નજીક લાવે છે.

આવતા દિવસોમાં આ ઠંડી હજુ વધુ ઘેરી બનશે. ગુલાબી ઠંડી ધીમે ધીમે કડક ઠંડીમાં ફેરવાશે. હિમાલયમાં વધુ હિમ પડશે, પવનો વધુ તેજ બનશે અને ઝાકળ વધુ ગાઢ બનશે. પણ અત્યારે તો આ શરૂઆતનો સમય છે, જે સૌથી સુંદર છે. આ સમયને માણવો એ જ સાચી સમજદારી છે. વહેલી સવારે ઊઠીને ઠંડી હવામાં એક કપ ચા પીવી, બાળકોને સાથે લઈને બગીચામાં ફરવું, વડીલો સાથે સાંજે વાતો કરવી અને રાત્રે ગરમ ધાબળામાં શાંત ઊંઘ માણવી, એ જ આ ઋતુની સાચી કવિતા છે. કુદરતે આપણને આ ભેટ વિના મૂલ્યે આપી છે. તેને માણીએ, તેને સાચવીએ અને તેની સાથે જીવનને વધુ સુંદર બનાવીએ. શિયાળો આવી રહ્યો છે, તેને હૃદયથી આવકારીએ, કારણ કે દરેક ઠંડી સવાર એક નવી આશા, નવી ઊર્જા અને નવા જીવનનો સંદેશ લઈને આવે છે.

નવેમ્બરનો મધ્ય ભાગ આવતા જ દેશભરમાં વાતાવરણમાં સુંદર બદલાવ આવ્યો છે. વહેલી સવારે હળવી ઠંડક અનુભવાય છે, બપોરનો તડકો નરમ પડ્યો છે અને સાંજે ફરી ઠંડી વધી જાય છે. હિમાલયમાં બરફવર્ષા, ઉત્તરના ઠંડા પવનો અને હવામાંથી ભેજની વિદાયને કારણે આ ગુલાબી ઠંડી શરૂ થઈ છે. લોકો ફરી મૉર્નિંગ વોક અને કસરત માટે બહાર નીકળવા લાગ્યા છે. આ ઋતુ ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે અને સામાન્ય જનજીવનમાં નવો ઉત્સાહ લઈને આવી છે.

શબ્દ સંજોગ-૨૨૯૫



આડી ચાવી :
(૧) પોટલી,બચકી (૩)
(૩) ગ્રહની નઠારી અસર મટાડવા અપાતું દાન (૪)
(૬) જગત,દુનિયા (૨)
(૭) વહેનારૂં,ઉંચકનારૂં (૩)
(૮) સોનું (૨)
(૧૦) આશ્રય,રક્ષણ (૩)
(૧૧) અશ્ચર્ય, નવાઈ (૩)
(૧૨) ઈરાન દેશ (૩)
(૧૩) અભિપ્રાય, સંપ્રદાય (૨)
(૧૪) માર્ગ પર પાણી પીવા માટેનું સ્થાન (૩)
(૧૫) સોગન,કસમ (૨)
(૧૬) ઈસ્લામના, એક ખલીફ (૨)
(૧૭) પક્ષ,બાજુ (૩)
(૧૯) તાપ,ઉકળાટ (૨)
(૨૦) કુશનો ભાઈ (૨)
(૨૨) દર્દ (૩)
(૨૪) અરજ,ફરિયાદ (૨)
(૨૬) પોતીકું, અંગત (૨)
(૨૭) એક ધાન (૨)
(૨૮) મુકામ,વસવાટ (૨)
(૨૯) એક પક્ષી (૨)
(૩૦) .... મિલો સજના (૨)
(૩૧) સીમા,મર્યાદા (૨)

ઉભી ચાવી :
(૧) પહોર-પહોરને આંતરે ઘડિયાળમાં વાગે તે (૩)
(૨) ઠગનારૂં (૨)
(૩) લેવું કે પકડવું તે (૩)
(૪) દાવો,અધિકાર (૨)
(૫) મોટી નદીમાંથી ખોદેલો મોટો કાંસ (૩)
(૭) મરનારની મિલકતનો હકદાર (૩)
(૯) ''તૌ બા યે .... ચાલ..'' (૪)
(૧૦) ફળમાંથી બનાવેલું પીણું (૪)
(૧૧) પ્રીતિ ,ભાવ (૨)
(૧૨) છેડો,અંત (૨)
(૧૩) બાળ ભાષામાં ખાવાનું (૨)
(૧૪) એક અટક (૩)
(૧૫) એક ફળ (૫)
(૧૬) ગુજરાતનું એક શહેર (૫)
(૧૮) બાતલ કરેલું, નકામું (૨)
(૨૧) ગોદામ (૩)
(૨૩) દાવાનળ,વન (૨)
(૨૫) એક રકમ (૨)

શબ્દ સંજોગ-૨૨૯૪ જવાબ

આડી ચાવી: (૧) નવપલ્લવ (૫) મુલક (૭) વત્સલ (૮) ચાર્વાક (૯) કમળ (૧૧) રસિક (૧૨) તક (૧૪) મોર (૧૫) નેતર (૧૯) આકલન (૨૧) પકડદાવ (૨૪) વનશ્રી (૨૫) પુંડરીક (૨૬) મશક (૨૭) ચીવટ .**ઉભી ચાવી:** (૧) નવનીત (૨) વત્સ (૩) પલક (૪) વચાળ (૫) મુકરર (૬) કનકવો (૧૦) મકર (૧૩) કને (૧૪) મોદક (૧૬) તરડ (૧૭) આનન (૧૮) રૂપ (૧૯) આવણ (૨૦) લવકચી (લવચીક) (૨૨) કર્કશ (૨૩) દાપું .

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૫૦	૧૮૮૮
ઘઉં લોકવન	૫૮૫	૬૯૦
ઘઉં ટુકડા	૪૯૦	૭૭૦
જુવાર સફેદ	૧૨૯૯	૨૦૪૦
જુવાર પીળી	૫૦૫	૫૫૫
બાજરી	૪૯૩	૫૬૦
તુવેર	૧૨૦૦	૨૦૬૦
ચણા પીળા	૧૨૬૦	૧૫૧૫
ચણા સફેદ	૧૫૮૦	૨૩૩૫
અડદ	૧૪૦૦	૨૦૩૦
મગ	૧૨૫૦	૧૮૪૦
વાલ દેશી	૪૦૦	૧૬૦૦
ચોળી	૧૧૦૦	૧૫૭૦
મઠ	૧૫૦૦	૨૩૨૫
વટાણા	૬૦૦	૯૪૪
કળથી	૫૦૦	૧૫૦૦
રાજમા	૫૦૦	૯૦૦
સીંગદાણા	૧૮૯૦	૨૦૨૦
મગફળી જાડી	૧૨૪૫	૧૭૪૦
મગફળી જીણી	૧૨૭૫	૧૮૨૫
તલી	૩૧૫૦	૩૮૨૦
એરંડા	૧૪૫૦	૧૫૭૬
સોયાબીન	૧૩૮૦	૧૪૭૫
સીંગફાડા	૧૬૫૦	૧૯૯૦
કાળા તલ	૩૧૪૦	૪૦૪૦
લસણ	૧૨૨૧	૨૬૧૦
ધાણા	૨૮૫૦	૩૧૫૦
મરચા સુકા	૨૫૦૦	૫૫૦૦
ધાણી	૨૯૦૦	૩૨૦૦
વરીયાળી	૨૫૦૧	૨૮૨૦
જીરૂ	૪૯૦૦	૫૫૦૦
રાય	૧૫૫૦	૧૯૭૫
મેથી	૧૨૦૦	૧૮૦૦
ઇસબગુલ	૨૩૦૦	૩૦૭૫
અશેરીયો	૧૧૦૦	૧૩૫૦
કલોંજી	૪૫૦૦	૫૨૩૫
રાયડો	૧૫૦૦	૧૭૧૫
રજકાનું બી	૫૭૦૦	૯૯૯૯
ગુવારનું બી	૧૪૫૦	૧૬૬૧

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૦૯૩	૨૨૧૮
પપૈયા	૧૮૫	૩૯૨
બટેટા	૧૨૫	૩૫૨
ડુંગળી સુકી	૨૪૦	૮૧૫
ટમેટા	૨૭૮	૫૧૫
સુરણ	૪૧૨	૬૧૦
કોથમરી	૬૧૫	૧૦૨૯
મુળા	૪૦૫	૬૧૨
રીંગણા	૧૧૩	૩૧૧
કોબીજ	૨૧	૬૧
ફ્લાવર	૨૨૫	૪૧૨
ભીંડો	૬૧૮	૯૭૧
ગુવાર	૭૮૮	૯૯૫
ચોળાસીંગ	૬૨૩	૮૨૦
વાલોળ	૩૧૯	૭૭૮
ટીંડોળા	૧૦૯	૩૧૭
દુધી	૨૮૨	૪૭૯
કારેલા	૩૩૬	૪૮૫
સરગવો	૩૮૮	૭૫૯
તુરીયા	૬૧૧	૮૨૧
પરવર	૫૧૬	૮૨૨
કાકડી	૫૧૮	૭૮૧
ગાજર	૩૮૬	૫૮૭
વટાણા	૧૬૨૯	૨૦૫૪
તુવેરસીંગ	૪૨૩	૬૫૯
ગલકા	૩૯૧	૫૯૩
બીટ	૨૧૭	૫૧૧
મેથી	૨૫૬	૪૧૩
વાલ	૬૧૦	૯૮૭
ડુંગળી લીલી	૩૯૧	૫૯૭
આદુ	૧૩૩૬	૨૦૫૮
મરચા લીલા	૨૧૧	૪૧૬
હળદર લીલી	૪૫૧	૬૫૪
લસણ લીલું	૨૪૪૨	૩૫૧૮
મકાઇ લીલી	૧૪૪	૨૮૩

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૫૦૦
મરચા	૧૦૦	૮૦૦
ગુવાર	૨૦૦	૧૨૦૦
કોબી	૨૦	૧૪૦
દુધી	૧૬૦	૫૦૦
ફ્લાવર	૨૦	૨૪૦
કાકડી	૨૦૦	૧૨૦૦
રીંગણા	૪૦	૩૦૦
ભીંડો	૨૦૦	૧૦૦૦
ગલકા	૧૦૦	૮૦૦
ગાજર	૨૦૦	૧૦૦૦
ટિંડોરા	૨૦૦	૬૦૦
તુવેર	૩૦૦	૧૦૦૦
વાલ	૨૦૦	૧૪૦૦
વટાણા	૨૦૦	૨૨૦૦
શક્કરીયા	૨૦૦	૮૦૦
કેરી કાચી	૧૪૦૦	૨૨૦૦
બટેટા	૧૨૦	૨૬૦
અંબાડા	૫૦૦	૭૦૦
લીલી હળદર	૩૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૫	૧૫
તાંજરીયા પુરા	૩	૫
કોથમીર પુરા	૨	૬
મૂળા પુરા	૫	૧૦
ફોદીનો પુરા	૩	૫
કાચા કેળા	૩૦૦	૪૦૦
ચુરણ	૨૦૦	૧૦૦૦
પરવર	૭૦૦	૮૦૦
ઘીસોડા	૨૦૦	૧૭૨૦
લીંબુ	૨૦૦	૧૮૦૦
મેથી પુરા	૧	૯
બીટ પુરા	૫	૧૫
સરગવો પુરા	૧૦	૨૦
ચોરા	૨૦૦	૮૦૦
કારેલા	૨૦૦	૫૦૦
વાલોર	૨૦૦	૮૦૦
કાચા પોપૈયા	૪૦	૪૦૦
આદુ	૨૦૦	૧૮૦૦
ફણશી	૧૦૦૦	૧૨૦૦
મકાઈ ડોડા	૧૦૦	૪૦૦
લસણ પુરા	૧૦	૨૦
પાલક પુરા	૧	૪

અમરેલી

શિંગ મઠડી	૧૩૮૦	૧૭૩૦
શિંગ ગીરનાર	૧૧૦૫	૧૫૯૫
શિંગ મોટી	૧૧૨૦	૧૬૬૫
તલ સફેદ	૧૫૮૦	૩૭૪૫
તલ કાળા	૨૫૨૫	૪૦૭૫
તલ કાશમીરી	૩૧૭૫	૩૨૦૦
ઘઉં ટુકડા	૪૦૦	૬૮૦
ઘઉં લોકવન	૫૩૦	૬૬૫
અડદ	૧૨૦૦	૧૮૩૫
ચણા	૧૦૦૦	૧૬૦૦
સફેદ ચણા	૭૦૦	૧૪૪૫
તુવેર	૯૦૦	૧૬૩૫
કપાસ	૧૧૪૦	૧૮૮૫
એરંડા	૧૧૩૦	૧૨૦૦
જીરૂ	૩૩૦૦	૫૨૭૫
ધાણી	૨૧૦૦	૩૨૭૫
મેથી	૧૩૧૦	૧૫૦૦
સોયાબીન	૯૫૦	૧૪૭૦
મરચા લાંબા	૨૭૦૦	૫૧૮૦
વરીયાળી	૧૬૦૦	૨૫૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૪૦	૨૮૦
રીંગણા	૫૦૦	૮૦૦
ફ્લાવર	૨૧૦	૨૭૦
કોબીજ	૧૩૦	૧૮૦
શક્કરીયા	૮૫૦	૧૦૨૦
ટમેટાં	૪૦૦	૫૦૦
સુરણ	૯૦૦	૧૦૦૦
ગાજર	૬૦૦	૭૦૦
દુધી	૨૧૦	૩૦૦
કારેલા	૪૦૦	૫૦૦
ગલકા	૫૦૦	૬૦૦
મૂળા	૨૧૦	૩૨૦
કાકડી	૫૦૦	૮૦૦
ગુવાર	૬૦૦	૮૦૦
વાલોળ	૩૦૦	૪૦૦
વટાણા	૧૪૦૦	૧૪૫૦
ચોળા લીલા	૬૦૦	૮૨૦
તુરીયા	૮૧૦	૧૦૨૦
વાલ	૧૦૦૦	૧૧૦૦
ભીંડો	૭૦૦	૮૦૦
આદુ	૧૧૦૦	૧૨૦૦
કોથમીર	૬૦૦	૧૦૦૦
મેથીભાજી	૩૯૦	૪૯૦
ફોદીનો	૭૮૦	૯૨૦
ટીંડોરા	૪૦૦	૫૦૦
બીટ	૫૦૦	૬૦૦
સરગવો	૬૦૦	૮૦૦
લીમડો મીઠો	૧૫૦	૧૭૦
મરચાં લીલાં	૫૦૦	૧૧૦૦
મરચાં લાલ	૪૦૦	૯૦૦
ડુંગળી લીલી	૪૦૦	૫૦૦
ડુંગળી સુકી	૩૦૦	૧૦૦૦
લસણ લીલું	૪૫૦૦	૫૦૦૦
લસણ સુકું	૧૭૦૦	૨૫૦૦
પાલક	૫૨૦	૬૦૦
લીબુ	૨૦૦૦	૨૬૦૦
મકાઈ	૨૬૦	૩૯૦
લીલીતુવેર	૭૦૦	૯૦૦
ચીભડા	૭૫૦	૧૦૧૦

ધારી

કપાસ એ	૧૭૧૦	૧૮૯૦
મગફળી	૧૧૦૦	૧૫૩૧
ઘઉં	૫૫૫	૫૬૧
ચણા	૧૨૭૧	૧૪૨૬
ધાણા	૨૮૦૦	૩૧૦૦
અડદ	૧૭૫૦	૧૭૫૫
સોયાબીન	૧૩૭૬	૧૪૦૩

બગસરા

કપાસ	૧૭૪૫	૧૯૧૭
ઘઉં લોકવન	૫૧૧	૫૮૨
ઘઉં ટુકડા	૫૫૮	૬૩૨
મગફળી	૧૦૦૦	૧૨૦૦
ચણા	૯૪૫	૧૪૪૫
સોયાબીન	૯૪૫	૧૪૪૦
ચણા સફેદ	૧૦૫૦	૧૦૫૦
લસણ	૧૩૦૦	૧૩૦૦
તલ સફેદ	૩૪૦૦	૩૪૦૦
ધાણા	૨૯૧૫	૨૯૧૫
અડદ	૧૪૧૦	૧૪૧૦

બાબરા

કપાસ	૧૭૧૦	૧૯૨૦
કપાસ મીડીયમ	૧૬૨૫	૧૮૪૦
મગફળી	૧૩૧૦	૧૫૫૪
જીરૂ	૪૯૮૦	૫૫૦૦
ચણા	૧૩૧૦	૧૪૪૦
ઘઉં	૫૮૦	૬૯૦
અડદ	૧૭૭૦	૧૮૩૦
સોયાબીન	૧૪૧૧	૧૪૮૪
તલસફેદ	૩૦૫૦	૩૨૮૦
તલકાળા	૩૬૧૦	૪૦૦૦

મહુવા

શીંગ ગીરનાર	૧૧૦૦	૧૬૫૧
શીંગ દૂડ	૧૩૦૦	૧૭૪૦
શીંગ ૩૯	૧૦૦૦	૧૫૭૫
શીંગ જી-૨૦	૧૨૦૦	૧૬૩૪
જુવાર	૫૭૫	૧૭૨૦
બાજરી	૪૯૧	૬૨૮
ઘઉં ટુકડા	૫૨૧	૭૫૭
મકાઈ	૫૫૦	૭૦૪
અડદ	૭૦૦	૧૯૭૦
મગ	૧૩૩૪	૧૪૫૦
ચણા	૧૩૦૦	૧૪૬૬
તલ સફેદ	૩૦૯૦	૩૬૦૦
તલ કાળા	૩૦૦૧	૩૭૯૯
જીરૂ	૪૮૦૦	૪૮૦૦
ડુંગળી લાલ નવી	૨૫૦	૮૦૪
ડુંગળી સફેદ નવી	૨૭૦	૮૫૨
કપાસ શંકર	૧૭૧૮	૧૮૩૧
નાળીયેર	૫૦૦	૩૫૮૦

ખાંભા

કપાસ	૧૭૯૦	૧૮૬૪
મગફળી	૧૩૬૧	૧૫૨૧
ચણા	૧૨૨૧	૧૩૯૦
સોયાબીન	૧૪૧૧	૧૪૧૧
ઘઉં	૪૫૨	૫૬૦
અડદ	૧૬૦૦	૧૮૭૧

જામનગર

બાજરી	૫૩૫	૫૬૫
ઘઉં	૫૩૫	૬૧૧
મગ	૧૭૫૦	૧૭૯૫
અડદ	૧૫૫૫	૧૯૩૦
ચણા	૧૪૪૦	૧૫૧૧
ચણા સફેદ	૧૫૯૦	૨૦૦૫
મગફળી જીણી	૧૩૦૦	૧૬૩૦
મગફળી જાડી	૧૨૦૦	૧૫૯૦
મગફળી દૂડ નં.	૧૬૦૦

સુરતમાં ઘરકંકાસમાં પતિએ લાકડાના ફટકા મારી પત્નીની કરી નિર્મમ હત્યા


સુરત,તા.૧૬



સુરત શહેરના લાલગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરકંકાસના કારણે હત્યાનો બનાવ બન્યો છે. પાલિયા ગ્રાઉન્ડ ખાતે રહેતા અશોક રાઠોડે પોતાની ૪૫ વર્ષીય પત્ની અરુણાબેનની લાકડાના ફટકા મારી હત્યા કરી નાખી હતી. દંપતી છેલ્લા બે વર્ષથી સાથે રહેતું હતું. અરુણાબેન ભંગાર વીણીને ગુજરાન ચલાવતાં હતાં, જ્યારે પતિ કડિયા કામ કરતો હતો. ગઈકાલે રાત્રે કોઈ બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો ઉગ્ર બનતાં આવેશમાં આવેલા અશોકે અરુણાબેનના માથાના ભાગે લાકડાના બે-ત્રણ ફટકા મારતાં ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ આરોપી પતિ રાત્રિના અંધારામાં ફરાર થઈ ગયો હતો. આજે સવારે જાણ થતાં લાલગેટ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. સુરતના એસીપી આર.આર. આહીરે પણ ઘટનાની પુષ્ટિ કરી હતી.

અમદાવાદમાં અક્ષય કુમારની હાજરીમાં આંતરરાષ્ટ્રીય કુડો ટૂર્નામેન્ટનું આયોજન

અમદાવાદ, તા. ૧૭



અમદાવાદમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય કુડો ટૂર્નામેન્ટમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, જાણીતા અભિનેતા અક્ષય કુમાર અને મહારાણા ઓફ મેવાડ ચેરિટેબલ ફાઉન્ડેશનના ચેરમેન લક્ષ્યરાજસિંહ મેવાડ ઉપસ્થિત રહ્યા હતા. હર્ષ સંઘવીએ જણાવ્યું કે અક્ષય કુમાર છેલ્લાં સાતથી આઠ વર્ષથી સતત ટૂર્નામેન્ટના આયોજનમાં સહયોગ આપી રહ્યા છે. કુડો રમતને ગુજરાતમાં વધુ પ્રોત્સાહન આપવા સરકાર સહયોગ આપશે. અક્ષય કુમારે જણાવ્યું કે છેલ્લા ૧૮ વર્ષથી યોજાતી આ સ્પર્ધામાં ખેલાડીઓના સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને પ્રાથમિકતા આપવામાં આવે છે. તેમણે ૩૦૦થી વધુ રેફરી, શિક્ષકો, ખેલાડીઓ અને વાલીઓના યોગદાનને બિરદાવ્યું હતું. દરેક વિદ્યાર્થીના અભ્યાસક્રમમાં માર્શલ આર્ટ્સનો સમાવેશ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. લક્ષ્યરાજસિંહ મેવાડે ખેલાડીઓને શિસ્ત, હિંમત અને પરસ્પર સન્માન સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી.

ટાટ હાયર સેકન્ડરીના પરિણામ સામે ભારે રોષ, ગાંધીનગરમાં વિરોધપ્રદર્શન

ગાંધીનગર,તા.૧૬

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ચર્ચાસ્પદ બનેલી ટાટ હાયર સેકન્ડરી મુખ્ય પરીક્ષાના પરિણામ સામે ઉમેદવારોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. પરિણામમાં અનિયમિતતા અને અસંતોષકારક ગુણાંકનના આક્ષેપ સાથે ઉમેદવારોએ ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ઉમેદવારોએ બોર્ડના સત્તાધીશોને આવેદનપત્ર પાઠવી પરિણામની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી હતી. રાજ્યભરમાંથી આશરે ૪૭ હજાર ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી, જેમાંથી લગભગ ૩૦ હજાર ઉમેદવારો નાપાસ થયા છે, જ્યારે માત્ર ૧૬ હજાર ઉમેદવારો જ સફળ જાહેર થતાં ઉમેદવારોમાં અસંતોષ ફેલાયો છે.

દિવાળી અને છઠ પર્વમાં ટિકિટ ચેકિંગથી પશ્ચિમ રેલવેને ૮.૨૩ કરોડની રેકોર્ડબ્રેક આવક

સુરત,તા.૧૬



દિવાળી અને છઠ પર્વ દરમિયાન ટ્રેનોમાં મુસાફરોની ભારે ભીડ વચ્ચે પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ મંડળે ટિકિટ તપાસ દ્વારા નોંધપાત્ર આવક મેળવી છે. વિના ટિકિટ અને અનિયમિત ટિકિટ પર મુસાફરી કરતા મુસાફરો સામે રેલવે દ્વારા ૩૧ ઓક્ટોબરથી ૧૪ નવેમ્બર સુધી ૧૫ દિવસીય વિશેષ 'ઓપરેશન ડીપ' અભિયાન ચલાવવામાં આવ્યું હતું.આ અભિયાન દરમિયાન ટિકિટ તપાસ કર્મચારીઓ અને અધિકારીઓની ટીમે સઘન તપાસ હાથ ધરી કુલ ૯૪,૯૧૯ કેસ ઝડપ્યા હતા. જેમાંથી રેલવેને કુલ ૮,૨૨,૯૯,૩૦૦ રૂપિયાની આવક થઈ હતી. અભિયાન માટે ૭,૬૫,૪૧,૮૬૯ રૂપિયાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. આમ, નિર્ધારિત લક્ષ્યાંક કરતાં ૫૭.૫૭ લાખ રૂપિયા વધુ આવક મેળવી ૭.૫૨ ટકાની સફળતા નોંધાવી હતી.ગત વર્ષે દિવાળીના સમયગાળા દરમિયાન ટિકિટ તપાસથી ૫.૩૬ કરોડ રૂપિયાની આવક થઈ હતી. તેની સરખામણીએ આ વર્ષે ૨.૮૭ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

કચ્છના અંજાર નજીક ટ્રક નીચે બાઈક ઘૂસી જતાં ત્રણ કિશોરોનાં કરુણ મોત

અંજાર,તા.૧૬



કચ્છના અંજાર તાલુકાના અજાપર નજીક બાઈક અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અજાપરની પ્લાયવુડ ફેક્ટરી પાસે ટ્રક સાથે બાઈકની જોરદાર ટક્કર થતાં બાઈક ટ્રક નીચે ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણ કિશોરોને ગંભીર ઈજાઓ પહોંચતાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં. મૃતકોમાં ૧૪ વર્ષીય ઉમલ રામજી આશા રબારી, ૧૬ વર્ષીય માધવ ધના રબારી અને ઈશ્વર કમા રબારીનો સમાવેશ થાય છે. ત્રણ કિશોરોનાં મોતથી પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બનાવની જાણ થતાં અંજાર પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

કોળી સમાજમાંથી મુખ્યમંત્રી હોવા જોઈએ: પબુભા માણેકના નિવેદનથી રાજકારણ ગરમાવો

દ્વારકા, તા.૧૬



ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને હજુ સમય બાકી છે, ત્યારે રાજકીય નિવેદનોથી રાજકીય હલચલ તેજ બની રહી છે. દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેકે કોળી સમાજના માતાજીના માંડવાના પ્રસંગે આપેલા નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. દ્વારકા કોળી સમાજની વાડી ખાતે ૧૨ નવેમ્બરે યોજાયેલા કાર્યક્રમમાં રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીની ઉપસ્થિતિમાં પબુભા માણેકે જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી પણ કોળી સમાજના હોવા જોઈએ. ગુજરાતમાં કોળી સમાજ બીજા ક્રમનો મોટો સમાજ છે, તેથી સમાજના યુવાનોએ જાગૃત થવાની જરૂર છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે દરેક વ્યક્તિ પર માતા-પિતા, ગુરુ, તીર્થ અને સમાજ એમ ચાર પ્રકારનાં ઋણ હોય છે. આજના સમયમાં સંગઠન જ સર્વસ્વ છે. સમાજનું ઋણ ઉતારવા સક્ષમ વ્યક્તિએ પોતાની શક્તિ મુજબ નાણાં, સમય, શ્રમ કે સેવા થકી સમાજના ઉત્થાનમાં યોગદાન આપવું જોઈએ. પબુભાના આ નિવેદનથી આગામી સમયના રાજકીય સમીકરણો અંગે પણ ચર્ચાઓ શરૂ થઈ છે.

યુવાનોએ જાગૃત થઈ સંગઠિત થવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, સમાજનું ઋણ ઉતારવા સૌએ યોગદાન આપવું જોઈએ

નવા વર્ષની રજાઓમાં દીવમાં પ્રવાસીઓનો ભારે ધસારો, નાગવા સહિતના બીચ પર ભીડ ઉમટતા ધંધામાં તેજી

ઉના,તા.૧૬



દિવાળી અને નવા વર્ષની રજાઓ દરમિયાન દેશના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડતા દીવ પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ બન્યું છે, અને આ પ્રવાહ લાભપાંચમ સુધી યથાવત રહેવાની શક્યતા છે. નાગવા, ચક્રતીર્થ અને ઘોઘલા સહિતના દરિયાકિનારા પર પરિવાર સાથે દરિયાની લહેરો માણતા પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. આ ઉપરાંત, પ્રવાસીઓ દીવ કિલ્લો, પાણી કોઠા, સેન્ટ પોલ ચર્ચ, ગંગેશ્વર મહાદેવ મંદિર અને ખુકરી મેમોરિયલ જેવા ઐતિહાસિક તથા ધાર્મિક સ્થળોની સાથે પોર્ટુગીઝ સ્થાપત્ય ધરોહર પણ નિહાળી રહ્યા છે. તહેવારોને કારણે હોટલ, રિસોર્ટ અને ઈમારતો પર આકર્ષક લાઇટિંગ કરવામાં આવી છે. પ્રવાસીઓના વધતા ધસારાને લીધે બજારોમાં ચહલપહલ વધી છે અને હોટલ, રેસ્ટોરન્ટ, વાહન વ્યવહાર તથા સ્થાનિક વેપારીઓના ધંધામાં તેજી આવતા સ્થાનિક અર્થતંત્રને મોટો વેગ મળ્યો છે.

ધોરાજી માર્કેટિંગયાર્ડ લાભ પાંચમથી ફરી ધમધમતું થયું

ધોરાજી, તા.૧૬

દિવાળીના પર્વને લઈને આશરે એક અઠવાડિયાની રજા બાદ ધોરાજી માર્કેટિંગ યાર્ડ લાભ પાંચમથી ફરી શરૂ થતાં વેપાર-વણજની ચહલપહલ જોવા મળી હતી. યાર્ડના ચેરમેન હરકિશન માવાણી અને સેક્રેટરી ભૂપતભાઈના જણાવ્યા મુજબ, પ્રથમ દિવસે ખેડૂતો મગફળી વેચાણ માટે પહોંચ્યા હતા અને અંદાજે ૩૦૦ મણ મગફળીની આવક નોંધાઈ હતી. ગત વર્ષે મગફળીના પ્રતિ મણ રૂ.૯૫૦થી ૧,૧૦૦ ભાવ હતા, જ્યારે આ વર્ષે રૂ.૧,૫૬૦ સુધીના ભાવ મળતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

શ્રી ઉમરીયા ગ્રામપંચાયત કચેરી, તા.ખાંભા, જિ.અમરેલી.

:: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

વિષય : ઉમરીયા ગ્રામ પંચાયતના જૂનુ દવાખાનું તેમજ તેમજ આંગણવાડી કોડ નં. - ૬૪ પાડવા અને કાટમાળની હરરાજી કરવા અંગેની જાહેરાત

સવિનય સાથ જણાવવાનું કે ઉમરીયા ગામે આવેલ જૂનુ આરોગ્ય કેન્દ્ર (દવાખાનું) તેમજ આંગણવાડી કોડ નં. - ૬૪ પાડી કાટમાળની હરરાજી તા.૨૬/૧૧/૨૦૨૬ના રોજ કરવામાં આવનાર છે. તો રસ ધરાવતી એજન્સીએ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

-: શરતો :-

૧. હરરાજીમાં ભાગ લેનાર એજન્સીએ ડીપોઝીટ પેટે રકમ રૂા.૧૦૦૦/- રોકડથી જમા કરાવવાની રહેશે.
૨. હરરાજીમાં ભાગ લેનાર એજન્સી પેઢી પસંદ થયેલ એજન્સીએ જેતે રકમ જે-તે રકમ તેજ દિવસે રોકડ/ચેક સ્વરુપે ગ્રામ પંચાયતમાં જમા કરવાના રહેશે.
૩. પસંદ થયેલ એજન્સીએ આ કામ મળ્યેથી દિન -૭માં ઈમલો પાડી જગ્યા ખાલી/ સમથળ કરી સોંપવાની રહેશે.
૪. કામ સમયે કોઈ પણ પ્રકારની જાનહાની કે નુકશાનની જવાબદારી જે તે એજન્સીની રહેશે.

હરરાજી તારીખ : ૨૬/૧૧/૨૦૨૬ને ગુરૂવાર - સમય : સવારે ૧૦:૩૦ કલાકે
સ્થળ : ઉમરીયા ગ્રામપંચાયત કચેરી, તાલુકો-ખાંભા, જિલ્લો-અમરેલી.

તલાટી કમ મંત્રી, ઉમરીયા ગ્રામપંચાયત કચેરી — સરપંચ, ઉમરીયા ગ્રામપંચાયત કચેરી

શ્રી ગ્રામ પંચાયત-વડીયા, મુ વડીયા, તા.વડીયા/કુંકાવાવ, જી.અમરેલી (ગુજરાત)

:: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

આથી વડીયા ગામની જાહેર જનતા તથા આજુબાજુ ના ગ્રામજનોને જણાવાવાનું કે અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડીયા તાલુકા વડીયા ગ્રામ જેમાં વડીયા ગ્રામ પંચાયતની માલિકીનો ઘણાવર્ષ જુનો ભંગાર જેવોકે, પા.પુ. ,લેમ્પ, સ્ટ્રીટલાઈટ માલ, વાલ્વ, પાઈપ લાઈન (લોખંડ/PVC) તથા વિગેરે જેવો અતિજુનો બિનઉપયોગી માલ સામાન ભંગાર તરીકે હોય બિનજરૂરી ભંગારનીજાહેર હરરાજી કરીભંગાર નિકાલ કરવા પ્રમાણપત્ર તા. ૧૬/૧૧/૨૦૨૬ અપસેટ પ્રાઈઝ રૂ ૧૫૨૦૦/- (પંદર હજાર બસો પુરા) અધિક મદદનીશ ઈજનેર તા.પ કુંકાવાવ દ્વારા નક્કી થયેલ છે.

ક્રમ	અસ્થ્યામત અને ઈમલાની વિગત	જાહેર હરાજીની તારીખ	જાહેર હરાજીનો સમય	નક્કી થયેલ અપસેટ કિંમત	હરરાજીમાં રહેવા ઈચ્છુકે ભરવાની થતી ડીપોઝીટ	જાહેર હરાજીનું
૧	જુનો ભંગાર	તા.૨૩/૧૧/૨૦૨૬	બપોરે ૧૨:૦૦ કલાકે	૧૫,૨૦૦	૨૦૦૦	ગ્રામ પંચાયત કચેરી વડીયા

સદર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ ઉપરોકત દિવસે સમયે અને સ્થળે હાજર રહેવા સારૂ
સદર હરરાજીની શરતો હરરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી. હરરાજીમાં ભાગ લેનાર ઈસમોએ રૂા.૨ ૦૦૦ (બે હજાર) ડીપોઝીટ પેટે હરરાજીના બે કલાક અગાઉ ગ્રામ પંચાયત પર ભરવાના રહેશે. અને ડીપોઝીટ ભરનાર ઈસમજ પોતાના આધાર પુરાવા સાથે હરરાજીમાં બેસી શકશે. અને જે ઈસમ ની હરરાજી મંજુર થશે તે સિવાયના ઈસમોને હરરાજી પુર્ણ થયેથી ડીપોઝીટ રકમ પરત કરવામાં આવશે.
સદર જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સતા તથા નિયમો માં ફેરફાર કરવાનો અધિકાર ગ્રામ પંચાયત વડાનો રહેશે.

તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત-વડીયા — સરપંચશ્રી, ગ્રામ પંચાયત-વડીયા

મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૯૦/૨૦૨૬

અરજદારશ્રીઃ- દેવરાજભાઈ લાલજીભાઈ ભાલીયા, રે.પટેલનુ નાકુ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી,સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદીશ્રી જીવીબેન રણછોડભાઈ ભાલીયાનુ મરણ તા.૧૨/૦૬/૧૯૫૭ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા

મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૪૦/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. ખોખર રજાકભાઈ ગુલાબભાઈ, રહે.વિજપડી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ખોખર ફારૂકભાઈ રજાકભાઈનો જન્મ તા.૧૨/૦૧/૧૯૮૭ ના રોજ મુ.વિજપડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા

મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૩૯/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. ખોખર રજાકભાઈ ગુલાબભાઈ, રહે.વિજપડી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ખોખર ઈમત્યાજભાઈ રજાકભાઈનો જન્મ તા.૦૭/૧૦/૧૯૯૦ ના રોજ મુ.વિજપડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા

મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૪/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. ગરાણીયા ભોળાભાઈ વિરાભાઈ, રહે.ભોકરવા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી ભોકરવા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ગરાણીયા રિધ્ધિબેન ભોળાભાઈનો જન્મ તા.૨૮/૦૨/૨૦૧૩ ના રોજ મુ.ભોકરવા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા

મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૩૮/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. ખોખર રજાકભાઈ ગુલાબભાઈ, રહે.વિજપડી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ખોખર ઈનુસભાઈ રજાકભાઈનો જન્મ તા.૧૫/૦૬/૧૯૮૫ ના રોજ મુ.વિજપડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં ભારતીય સુરક્ષાદળે બે આતંકવાદીઓને ઠાર કર્યા

કુલગામ,તા.૧૬



જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં સોમવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. ઠાર કરાયેલા આતંકીઓમાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો વોન્ટેડ આતંકવાદી લતીફ ભટ પણ સામેલ હોવાનું સામે આવ્યું છે. ગત સપ્તાહે સીઆરપીએફની ચોકી પર થયેલા હુમલામાં લતીફ ભટની સંડોવણી હોવાની આશંકા હતી.અધિકારીઓના જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીર પોલીસને કુલગામ જિલ્લાના ખુદવાની અને આસપાસના વિસ્તારોમાં આતંકવાદીઓ છુપાયા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે સુરક્ષા દળોએ એક દિવસ અગાઉથી જ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું. આ સમગ્ર અભિયાન સેનાના ઉચ્ચ અધિકારીઓ, જમ્મુ-કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક નલિન પ્રભાત અને કાશ્મીર રેન્જના મહાનિરીક્ષક સુજીત કુમાર સિંહની સીધી દેખરેખ હેઠળ હાથ ધરાયું હતું. ઘેરાબંધી દરમિયાન જવાનોએ વળતો જવાબ આપ્યો હતો, જેમાં બંને આતંકીઓ માર્યા ગયા હતા.

ઈંધણ અને વીજળી મોંઘા થતાં ઓક્ટોબરમાં જથ્થાબંધ ફુગાવો વધીને ૧૨.૨૯ ટકા થયો

નવી દિલ્હી, તા. ૧૬



દેશમાં મોંઘવારીનું દબાણ સતત વધી રહ્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ઓક્ટોબર ૨૦૨૬માં જથ્થાબંધ ફુગાવાનો દર (WPI) વધીને ૧૨.૨૯ ટકા થયો છે, જે સપ્ટેમ્બરમાં ૧૧.૩૯ ટકા હતો.

જથ્થાબંધ ભાવ સૂચકાંક પણ ૧૧૨.૫ થી વધીને ૧૧૩.૩ પર પહોંચ્યો છે.

ફુગાવામાં આ ઉછાળા પાછળ ઈંધણ અને વીજળીના ભાવમાં થયેલો તીવ્ર વધારો મુખ્ય કારણ છે. ઈંધણ અને વીજળીનો ફુગાવો સપ્ટેમ્બરના ૨૫.૮૫ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૩૨.૮૪ ટકા થયો છે, જેમાં ક્રૂડ પેટ્રોલિયમ, ખનિજ તેલ અને કુદરતી ગેસના ભાવ વધારાનો મોટો ફાળો છે. પ્રાથમિક ચીજવસ્તુઓનો ફુગાવો પણ વધીને ૯.૨૪ ટકા થયો છે.

જોકે, ખાદ્ય ફુગાવો ૮.૬૬ ટકાથી સામાન્ય ઘટીને ૮.૫૮ ટકા થતાં અને ઉત્પાદિત ઉત્પાદનોનો ફુગાવો ૯.૫૪ ટકા થતાં થોડી રાહત જોવા મળી છે.

ખાસ અદાલતોની સ્થાપનામાં વિલંબ અંગે સુપ્રીમ કોર્ટ કેન્દ્ર અને રાજ્યો પાસે માંગ્યો નવો સ્ટેટસ રિપોર્ટ

નવી દિલ્હી, તા. ૧૬

નાર્કોટિક ડ્રગ્સ (NDPS) અને રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) કાયદા હેઠળના ગંભીર અને પડતર કેસોના ઝડપી નિકાલ માટે વિશેષ અદાલતોની સ્થાપનામાં થઈ રહેલા વિલંબ પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બેન્ચે નોંધ્યું હતું કે અગાઉના આદેશો છતાં ખાસ અદાલતોની સ્થાપનામાં કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર, રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને દેશભરમાં જરૂરી ૪૪૯ વિશેષ NDPS અદાલતોની સ્થાપનાની પ્રગતિ અંગે નવો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા નિર્દેશ આપ્યો છે. હાલમાં આમાંથી માત્ર ૧૭૬ અદાલતો જ કાર્યરત છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અનુપલબ્ધિને કારણે આ મામલો હાલ મુલતવી રખાયો છે અને ડિસેમ્બરના શિયાળુ વેકેશન પહેલાં ત્રણ ન્યાયાધીશોની બેન્ચ સમક્ષ તેની સુનાવણી થશે.

મનીલા એરપોર્ટ પર વડા પ્રધાન મોદીનું ભવ્ય સ્વાગત કરાયું, આસિયાન અને પૂર્વ એશિયા સમિટમાં લેશે ભાગ

નવી દિલ્હી, તા. ૧૬



વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયરના આમંત્રણ પર સોમવારે ફિલિપાઈન્સની સત્તાવાર મુલાકાતે મનીલા પહોંચ્યા છે. મનીલા આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર તેમનું ભવ્ય સ્વાગત કરી ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન વડા પ્રધાન મંગળવારે ૨૩મી આસિયાન-ભારત સમિટ અને ૨૧મી પૂર્વ એશિયા સમિટમાં ભાગ લેશે. મનીલા રવાના થતાં પહેલાં વડા પ્રધાને જણાવ્યું હતું કે આસિયાન દેશો સાથેના સંબંધો ભારતની 'એક્ટ ઈસ્ટ પોલિસી'ના કેન્દ્રમાં છે અને 'મહાસાગર' વિઝનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ દક્ષિણપૂર્વ અને પૂર્વ એશિયાના દેશો સાથે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી, વેપાર, દરિયાઈ સુરક્ષા અને જોડાણને વધુ મજબૂત બનાવવાનો છે. પૂર્વ એશિયા સમિટમાં તેઓ હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને વૈશ્વિક પડકારો અંગે અન્ય નેતાઓ સાથે ચર્ચા કરશે.

અલ્હાબાદ હાઈ કોર્ટે આઝમ ખાનને ૧૦ દિવસની જેલ કસ્ટડીમાં મોકલ્યા


પ્રયાગરાજ, તા.૧૬



મની લોન્ડરિંગ કેસમાં ફસાયેલા વરિષ્ઠ સપા નેતા આઝમ ખાનની જામીન અરજી પર સોમવારે અલ્હાબાદ હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. કોર્ટે તેમને ૧૦ દિવસ માટે ગાઝિયાબાદની ડાસના જેલમાં મોકલવાનો આદેશ આપ્યો છે. આ મામલે વધુ સુનાવણી હવે ૨૬ નવેમ્બરે થશે. ઉલ્લેખનીય છે કે, ૩૧ ઓક્ટોબરે રામપુર જેલમાંથી મુક્ત થતાં જ ઈડીએ તેમની ધરપકડ કરી હતી. સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ હાઈકોર્ટમાં આ સુનાવણી થઈ રહી છે.

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પણ વ્યસન જેવા, જે સમાજની સંવેદનશીલતા ઘટાડે છે : મોહન ભાગવત

જોધપુર, તા. ૧૬



આરએસએસ સરસંઘચાલક મોહન ભાગવતે સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ અને સમાજમાં વ્યાપક બનતા વ્યસનો અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. રાજસ્થાનના જોધપુરમાં આયોજિત 'મારુ નિનાદ' ઘોષ શિબિરના સમાપન સમારોહને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે વ્યસન માત્ર નશીલા પદાર્થો પૂરતું મર્યાદિત નથી, પરંતુ ચા-કોફી તેમજ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ વ્યસનકારક બની રહ્યા છે. દરેક પ્રકારનું વ્યસન વ્યક્તિની વિચારસરણી, સંવેદનશીલતા અને જાગૃતિને ઘટાડે છે, જે સમગ્ર સમાજની પ્રગતિમાં અવરોધરૂપ છે. સામાજિક એકતા પર ભાર મૂકતા ભાગવતે કહ્યું કે લોકો જાતિ, ભાષા અને પ્રાંતના પણ વ્યસની બની જાય છે, જેના બદલે સામાજિક એકતાને પ્રાથમિકતા આપવી જોઈએ. બ્રિટિશ નીતિઓનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે અંગ્રેજોએ ભારતની શિક્ષણ પ્રણાલી નષ્ટ કરી સમાજને ભ્રમિત કરવાનો પ્રયાસ કર્યો હતો. વર્તમાન પડકારોનો સામનો કરવા માટે તેમણે સમગ્ર સમાજને એક થઈને તમામ દૂષણોથી દૂર રહેવા આહ્વાન કર્યું હતું.

બંગાળની ખાડીમાં 'અક્વાન' વાવાઝોડાનું સંકટ : ૧૯ નવેમ્બર સુધીમાં તીવ્ર સ્વરૂપ ધારણ કરવાની શક્યતા

નવી દિલ્હી, તા. ૧૬



બંગાળની ખાડીમાં સર્જાયેલું ઊંડું દબાણ (ડીપ ડિપ્રેશન) સતત મજબૂત બની રહ્યું છે, જે સોમવાર સાંજ સુધીમાં 'અક્વાન' નામના ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ જવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, હાલ આ સિસ્ટમ વિશાખાપટ્ટનમથી ૮૭૦ કિલોમીટર દક્ષિણ-દક્ષિણપૂર્વમાં સ્થિત છે અને ૧૯ નવેમ્બરની સાંજ સુધીમાં અતિ તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થઈ શકે છે.

આ સંભવિત વાવાઝોડું આંધ્રપ્રદેશના દરિયાકાંઠા તરફ આગળ વધી શકે છે, જેની અસરથી ૧૮ નવેમ્બરથી ઓડિશામાં હવામાન પલટાશે. હવામાન વિભાગે ઓડિશાના ૧૬ જિલ્લાઓમાં યલો એલર્ટ, જ્યારે ૧૯ અને ૨૦ નવેમ્બરે પુરી, ગંજમ, ગજપતિ, રાયગડા અને કોરાપુટ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. તંત્ર દ્વારા સિસ્ટમની ગતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

હૈદરાબાદમાં ઈટાલીના નેતાએ 'વોટ ચોર, ગદ્દી છોડ'નો નારો લગાવતા વિવાદ વકર્યો

હૈદરાબાદ,તા.૧૬



હૈદરાબાદમાં કોંગ્રેસના કાર્યક્રમ દરમિયાન ઈટાલીના નેતા જિયાકોમો ફિલિબેકે 'વોટ ચોર, ગદ્દી છોડ'નો નારો લગાવતા રાજકીય વિવાદ સર્જાયો છે. આ મામલે ભાજપ અને ભારત રાષ્ટ્ર સમિતિએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. બંને પક્ષોના નેતાઓએ સવાલ ઉઠાવ્યો છે કે વિદેશી રાજનેતાને ભારતના આંતરિક રાજકીય મુદ્દાઓ પર ટિપ્પણી કરવાની તક શા માટે આપવામાં આવી? સરકાર સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, ફિલિબેક કોન્ફરન્સ વિઝા પર ભારત આવ્યા હતા. વિદેશી નાગરિકોને ભારતની આંતરિક રાજનીતિમાં હસ્તક્ષેપ કરવાની મંજૂરી નથી. આવી પ્રવૃત્તિ વિઝા નિયમોનું ઉલ્લંઘન ગણાય છે.

છ વર્ષની સેવા બાદ દરેક અગ્નિવીરને સેનામાં કાયમી નોકરી મળશે : જનરલ રાજા સુબ્રમણી

નવી દિલ્હી, તા. ૧૬

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ એન.એસ. રાજા સુબ્રમણીએ અગ્નિપથ યોજના અંગે મોટી સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું છે કે ચાર વર્ષની સેવા બાદ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ૨૫ ટકા અગ્નિવીરોને તરત જ નિયમિત સૈનિક બનાવવામાં આવશે, જ્યારે બાકીના ૭૫ ટકા અગ્નિવીરોને વધુ બે વર્ષનું એક્સટેન્શન આપવામાં આવશે અને કુલ છ વર્ષ પૂર્ણ થયે તેમને પણ સેનામાં કાયમી કરી દેવામાં આવશે. સીડીએસ સુબ્રમણીએ કહ્યું કે અગ્નિપથ યોજનાને ચાર વર્ષ પૂર્ણ થતાં વ્યાપક સમીક્ષા અને અભ્યાસ બાદ આ નિર્ણય લેવાયો છે. અગ્નિવીરો અત્યંત પ્રેરિત, વ્યાવસાયિક અને તકનીકી રીતે નિપુણ સાબિત થયા છે. જો કોઈ જવાન સ્વેચ્છાએ ચાર કે છ વર્ષ પછી બહાર નીકળવા માંગે તો તેને તેનો વિકલ્પ પણ મળશે.

ભવિષ્યના યુધ્ધોમાં ભારત વિદેશી ટેકનોલોજી અને શસ્ત્રો પર નિર્ભર રહી શકે નહીં : એર ચીફ માર્શલ

નવી દિલ્હી, તા. ૧૬



વાયુસેનાના વડા એર ચીફ માર્શલ આશુતોષ દીક્ષિતે સોમવારે જણાવ્યું હતું કે સાચી 'આત્મનિર્ભરતા' માત્ર ઔદ્યોગિક ઉત્પાદન પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સીધી લડાઈની તૈયારી સાથે જોડાયેલી છે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સુરક્ષા સમિટને સંબોધતા તેમણે સ્પષ્ટ કર્યું કે ભવિષ્યના કોઈપણ સંઘર્ષમાં ભારત સોર્સ કોડ, સ્પેરપાર્ટ્સ, દારૂગોળો કે એન્જિન માટે વિદેશી શક્તિઓ પર આધાર રાખી શકે નહીં. તેમણે જણાવ્યું કે આધુનિક યુધ્ધમાં લાંબા ગાળાના ઓપરેશન્સ ટકાવી રાખવા, ઉત્પાદન ઝડપથી વધારવું અને યુધ્ધના મેદાનમાં ત્વરિત અનુકૂલન સાધવું અનિવાર્ય છે. 'ઓપરેશન સિંદૂર' દરમિયાન આકાશ અને બ્રહ્મોસ જેવી સ્વદેશી પ્રણાલીઓના સફળ પ્રદર્શનનો ઉલ્લેખ કરતાં તેમણે સ્થાનિક ઉદ્યોગોને સંરક્ષણ પ્રણાલીઓના સહ-વિકાસકર્તા બનવા આહ્વાન કર્યું હતું. સાથોસાથ, સાયબર જાસૂસી જેવા જોખમો સામે સતર્ક રહેવા પર પણ ભાર મૂક્યો હતો.

મતદાર યાદીમાં નામ કપાય તો ગભરાવાની જરૂર નથી, ફોર્મ-૬ ભરો : ચૂંટણીપંચનું સુપ્રીમમાં સોગંદનામું

નવી દિલ્હી,તા.૧૬



ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટતા કરી છે કે ખાસ સઘન મતદાર યાદી સુધારણા દરમિયાન મતદાર યાદીના મુસદ્દામાં કોઈ વ્યક્તિનું નામ કપાઈ જાય તો તે નિર્ભયતાથી ફોર્મ-૬ ભરીને ફરી મતદાર તરીકે નોંધણી કરાવી શકશે. માત્ર અગાઉની મતદાર યાદીમાં નામ હોવા છતાં નવી મુસદ્દા યાદીમાં નામ ન હોવાના આધારે તેની સામે કોઈ ફોજદારી કેસ ચલાવવામાં આવશે નહીં.સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયેલા સોગંદનામામાં ચૂંટણી પંચે જણાવ્યું છે કે આ અંગેની સ્પષ્ટતાનો સ્થાનિક ભાષાઓમાં વ્યાપક પ્રચાર કરવા તમામ રાજ્યોના મુખ્ય નિર્વાચન અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. અગાઉ મતદાર રહી ચૂકેલી વ્યક્તિનું નામ નવી યાદીમાં ન હોય અને તે ફરી ફોર્મ-૬ ભરે તો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૧ હેઠળ કાર્યવાહી થશે તેવી આશંકા કેટલાક લોકોમાં હતી. પંચે આ આશંકા દૂર કરી છે.જોકે, આ રાહતની શરત એ છે કે સંબંધિત વ્યક્તિનું નામ અગાઉથી અન્ય કોઈ લોકસભા કે વિધાનસભા મતવિસ્તારની મતદાર યાદીમાં નોંધાયેલું ન હોવું જોઈએ અને ફોર્મમાં કરવામાં આવેલી ઘોષણા કાયદા મુજબ સાચી હોવી જોઈએ.

સોલાપુરમાં કૂવો ખોદતી વખતે કાટમાળ પડતાં ૪ મજૂરોના મોત, થાણે અને સંભાજીનગરમાં બેના મોત

મુંબઈ, તા. ૧૬



મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના પંઢરપુર તાલુકાના અંબે ગામમાં કૂવો ખોદતી વખતે પથ્થરનો કાટમાળ ધસી પડતાં ચાર મજૂરોના કરુણ મોત નીપજ્યા છે. ઘટનાની જાણ થતાં જ જિલ્લા મેજિસ્ટ્રેટ એસ. કાર્તિકેયન અને એનડીઆરએફ (NDRF) ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. સમગ્ર મામલે તપાસ સમિતિની રચના કરાઈ છે તથા બ્લાસ્ટિંગમાં વપરાયેલા રસાયણોની તપાસ અને જિલ્લામાં ખોદાયેલા કૂવાઓનો સર્વે કરવાનો આદેશ અપાયો છે.

અન્ય બે દુર્ઘટનાઓમાં, થાણેના કાલવા રેલ્વે સ્ટેશન નજીક છઠ પૂજા વિધિ માટે તળાવમાં ઉતરેલા ૨૦ વર્ષીય પ્રદીપ વિશ્વકર્માનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું. જ્યારે છત્રપતિ સંભાજીનગરમાં ખામગાંવ-પંઢરપુર હાઈવે પર એક ઝડપી ખાનગી બસ પુલની રેલિંગ તોડી નીચે ખાબકતાં એક મહિલાનું મોત થયું હતું અને અંદાજે ૨૦ મુસાફરો ઘાયલ થયા હતા, જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.

જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે વીરપુરમાં દિવાળી જેવો માહોલ, દર્શન માટે ૧-૧ કિલોમીટર લાંબી કતારો લાગી

વીરપુર,તા.૧૬



'જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો'ના જીવનમંત્રને સાર્થક કરનાર સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે યાત્રાધામ વીરપુરમાં ભવ્ય ઉજવણી થઈ રહી છે. દેશ-વિદેશથી લાખો ભક્તો ઉમટી પડતાં મોડી રાતથી જ મંદિરની બંને બાજુ એક-એક કિલોમીટર લાંબી કતારો લાગી હતી.

વહેલી સવારે બાપાના પરિવાર દ્વારા સમાધિ પૂજન અને પ્રથમ આરતી બાદ દર્શન ખુલ્લાં મુકાયાં હતાં. સમગ્ર નગરીને રંગોળી, આસોપાલવનાં તોરણ અને રોશનીથી દુલ્હનની જેમ શણગારવામાં આવતાં બીજી દિવાળી જેવો માહોલ સર્જાયો છે. મુખ્ય માર્ગો પર બાપાના જીવનચરિત્ર દર્શાવતી ઝાંખીઓ સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ભક્તો માટે ઠેર-ઠેર પાણી, શરબત અને છાશના પરબ ઊભા કરાયા હતા, તેમજ ૨૨૭ કિલો બુંદીનો પ્રસાદ વહેંચી કેક કટિંગ કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે, મંદિરમાં છેલ્લા ૨૬ વર્ષથી કોઈ દાન સ્વીકારાતું નથી અને ૨૦૦ વર્ષથી અન્નક્ષેત્ર અવિરત ચાલુ છે. ભક્તિ અને સેવાભાવના સંગમ સાથે સમગ્ર વીરપુર જલારામમય બન્યું છે.

વિસાવદર પંથકમાં કેફી પીણું પીધા બાદ બે યુવાનોનાં રહસ્યમય મોત, પી.એમ. વિના જ અંતિમવિધિ કરાઈ

જૂનાગઢ,તા.૧૬



તસવીર : પ્રતિકાત્મક

વિસાવદર તાલુકાના જાંબુડી અને દુધાળા ગામના બે વ્યક્તિઓનાં નશાકારક કે ઝેરી પીણું પીધા બાદ શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ નીપજ્યા હોવાની ચર્ચાએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર જગાવી છે. જોકે, આ ઘટનાને હજુ સુધી કોઈ સત્તાવાર સમર્થન મળ્યું નથી.

મળતી વિગતો મુજબ, નશાની ટેવ ધરાવતા આ બંને યુવાનોની કોઈ કેફી પીણું પીધા બાદ તબિયત લથડતાં મોત થયાં હોવાની વાત વાયુવેગે પ્રસરી છે. ચોંકાવનારી બાબત એ છે કે, બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા ન હતા અને પોસ્ટમોર્ટમ કરાવ્યા વિના જ ગામમાં અંતિમવિધિ કરી દેવાઈ હતી, જેથી મોતનું ચોક્કસ કારણ અકબંધ રહ્યું છે.

આ ઘટના બાદ રાજકીય આગેવાનોમાં દોડધામ મચી છે અને પોલીસ કાર્યવાહીના ડરથી બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. પી.એમ. રિપોર્ટના અભાવે સમગ્ર મામલો રહસ્યમય બન્યો છે, ત્યારે તંત્ર દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરાય તેવી લોકમાંગ ઉઠી છે.

જૂનાગઢમાં M.Sc.ના વિદ્યાર્થીએ સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરતા ચકચાર




જૂનાગઢ,તા.૧૬

શહેરમાં ૧૫ વર્ષની સગીરાનું અપહરણ કરી જંગલ વિસ્તારમાં લઈ જઈ દુષ્કર્મ આચરવાની ચકચારી ઘટના સામે આવી છે. આઠ મહિના જૂના આ બનાવમાં ફરિયાદ નોંધાતા જૂનાગઢ સી-ડિવિઝન પોલીસે બહાઉદ્દીન કોલેજમાં M.Sc.નો અભ્યાસ કરતા આરોપી કેવલ રાઠોડની ધરપકડ કરી છે. આરોપીએ અગાઉ અન્ય કોઈ ગુના આચર્યા છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

રાજ્યમાં બે અકસ્માતમાં ૪નાં મોત : કચ્છમાં પિતા-પુત્રએ તો જૂનાગઢમાં માસિયાઈ ભાઈઓએ જીવ ગુમાવ્યો

ભુજ,તા.૧૬



ગુજરાતમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં ચાર લોકોનાં કરુણ મોત નીપજ્યાં છે. કચ્છના લુણી-વડાલા રોડ પર રસ્તા વચ્ચે અચાનક ગાય આડી ઊતરતાં બાઈકચાલકે કાબૂ ગુમાવ્યો હતો. આ દુર્ઘટનામાં રસ્તા પર પટકાતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાથી સિનુગ્રા ગામના પિતા-પુત્રનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. રખડતાં ઢોરના ત્રાસથી સર્જાયેલા આ અકસ્માતને પગલે સ્થાનિકોમાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ, જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના કુબા રાવણી ગામ નજીક મેંદરડા તરફ જઈ રહેલા બાઈક અને ફોરવ્હીલ વચ્ચે ગમખ્વાર ટક્કર સર્જાઈ હતી. આ અકસ્માતમાં બાઈકસવાર વિરાજગીરી અતુલગીરી અને જેનીલગીરી બ્રિજેશગીરી નામના બે માસિયાઈ ભાઈઓનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. બંને બનાવ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે મૃતકોના પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

રાજ્યમાં બેવડી ઋતુનો માર : નવેમ્બર અડધો વીત્યો છતાં કડકડતી ઠંડી ગાયબ

રાજકોટ,તા.૧૬

હવામાનની બદલાતી પેટર્નને કારણે નવેમ્બર અડધો વીત્યો હોવા છતાં રાજ્યમાં હજુ જોઈએ તેવી ઠંડીનો અહેસાસ થતો નથી. દિવસ દરમિયાન ગરમી-ઉકળાટ અને વહેલી પરોઢે હળવી ઠંડક એમ બેવડી ઋતુના અનુભવથી લોકો મૂંઝવણમાં મુકાયા છે.

રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી નોંધાયું હતું, જે રાજ્યમાં સૌથી વધુ હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧.૫ ડિગ્રી રહેતાં દિવસ-રાતના તાપમાનમાં ૧૪.૨ ડિગ્રીનો મોટો તફાવત જોવા મળ્યો હતો. આ ઉપરાંત ભુજમાં ૩૫, સુરતમાં ૩૪.૫ અને અમદાવાદમાં ૩૪.૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ત્રણ દિવસ લઘુત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નથી. ત્યારબાદ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થતાં સવાર-રાતની ઠંડકમાં ધીમે ધીમે વધારો થશે.

અમદાવાદમાં ૩ વર્ષમાં ઘરેલુ હિંસાની ૧૨,૭૨૧ ફરિયાદો સામે આવી


અમદાવાદ,તા.૧૬

શહેરમાં ઘરની ચાર દીવાલો વચ્ચે મહિલાઓ પર થતા અત્યાચારના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર વર્ષ ૨૦૨૪થી ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં પારિવારિક સમસ્યાઓ માટે કુલ ૨૪,૧૩૬ કોલ આવ્યા હતા, જેમાંથી ૫૨.૭ ટકા એટલે કે ૧૨,૭૨૧ ફરિયાદો ઘરેલુ હિંસા અને શારીરિક અત્યાચારની હતી.

આંકડા મુજબ, ૨૦૨૪માં ૪,૭૨૧, ૨૦૨૫માં ૪,૪૮૯ અને ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં ૩,૫૧૧ ફરિયાદો નોંધાઈ છે. જેમાં ૩,૯૮૪ કિસ્સા માનસિક પ્રતાડના, ૧,૩૯૫ કિસ્સા સાસરું છોડવા મજબૂર થવાના અને ૧,૧૬૮ કિસ્સા લગ્નેતર સંબંધોના સામે આવ્યા છે. આ ઉપરાંત, દંપતીના વિવાદમાં બાળકોની કસ્ટડી સંબંધિત ૭૧૪ કિસ્સાઓમાં મદદ લેવાઈ હતી. નિષ્ણાતોના મતે, સંવાદનો અભાવ, આર્થિક તણાવ, વ્યસન અને વર્ચસ્વ જમાવવાની માનસિકતા ઘરેલુ હિંસા પાછળ મુખ્યત્વે જવાબદાર છે.

પાટણના જંગરાલ ગામે ખેતરમાં પ્રેમી યુગલે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી

પાટણ,તા.૧૬



સરસ્વતી તાલુકાના જંગરાલ ગામની સીમમાં એક ખેતરમાં લીમડાના ઝાડ સાથે ગળેફાંસો ખાધેલી હાલતમાં યુવક અને યુવતીના મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે.

સવારે ખેતર માલિકે આ દૃશ્ય જોતાં વાગડોદ પોલીસને જાણ કરી હતી. પોલીસે બંને મૃતદેહોને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે જંગરાલ આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યા હતા.

પ્રાથમિક તપાસમાં મૃતક યુવક ખોડાણા અને યુવતી હેમાણીપુરા ગામની હોવાનું અનુમાન છે. આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

